Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૮ મું ] [ અંક ૫ મો

ફાગણ

ઇ. સ. ૧૯૫૨ ૨૫ મી ફેબ્રુઆરી

વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂ. ૩–૪–૦

પુસ્તક ૬૮ મું અંક ૫ મો } ફાગણ { વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

## अनुक्रमणिका


૧. मरुदेवी-मोहविलसित ...( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૮૩

૨. अयोगव्यवच्छेदद्वात्रिंशिका : પદ્યાનુવાદ–સમાવાર્થ ( પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિ ) ૮૬

૩. માછીનો નિયમ! ... ... ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૮૯

૪. મહોપાધ્યાય ધર્મસાગરજી ગણિની જીવનરેખા : : ૩ ( પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A. ) ૯૪

૫. પ્રભુસેવાની પ્રથમ–ભૂમિકા ... ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા ) ૯૭

૬. યોગિરાજ આનંદઘનજી ... ( શ્રી રાજપાલ મગનલાલ વહોરા ) ૧૦૦

૭. વણિકની ચોરાશી જાતિઓ ... ( સંપા. ભોજક મોહનલાલ ગિરધર ) ૧૦૨

૮. પ્રતિક્રમણપ્રબોધ તથા કર્મયોગ : : એક અવલોકન ( શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી ) ૧૦૩

૯. પુસ્તકોની પહોંચ ... ... ... ... ... ... ૧૦૬


## —: સભા સમાચાર :—

આ સભાના પ્રમુખ શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી પંચોતેર વર્ષ પૂરાં કરી છોંતેરમા વર્ષમાં માહ વદિ ૧૩ શનિવારના રોજ પ્રવેશ કરતા હોઈ તેમને શુભેચ્છા દર્શાવવા એક મેળાવડો શ્રી દાદાસાહેબ જૈન બોર્ડીંગમાં યોજવામાં આવ્યો હતો જયારે તેમની સમાજ પ્રત્યેની સેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને સમાજને ઉપયોગી તંદુરસ્ત જીવન ગુજારે એવી શુભેચ્છા દર્શાવવામાં આવી હતી.

## ખેદકારક અવસાન

આપણી સભાના કારકુન **છબીલદાસ દુર્લભદાસ** ગત મહા શુદ ૧૦ ને મંગળવારના રોજ બત્રીશ વર્ષની વયે ટૂંક બીમારીમાં અચાનક હાર્ટ–ફેઈલના હુમલાથી સ્વર્ગવાસી થયેલ છે. અમો સ્વર્ગસ્થના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

| | | |
|---|---|---|
| પુસ્તક ૬૮ મું. અંક ૫ મો | : ફાગણ : | વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮ |

## मरुदेवी–मोहविलसित ।

( कवि–साहित्यचन्द्र बालचंद हिराचंद, माळेगांव )

बोळो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन ?
जंगल में वह फिरता होगा
भूखतृषा से पीडित होगा
अन्न वस्त्र जल उसे कहां से कौन खिलाये सुंदर भोजन ?
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन ? ॥ १ ॥

गर्मी सरदी पीडा होंगी
निद्रा कैसे कहां मिलेंगी ?
मैं हूं माता दुखिनी उसकी दुःखों की मैं हो गई भाजन
बोळो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन ? ॥ २ ॥

वस्त्र उसे कोई मिले कहां से ?
सोना उसको नित्य धरा से
कहो कोई संदेश ऋषभ का मेरा बनकर बंधु साजन
बोळो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन ? ॥ ३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पूछूँ मैं सब नदी गिरि से
वृक्ष-जालियाँ से सब तरु से
हँसते जाते नहिं बतलाते पागलपन कहते है सब जन
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ ४ ॥
पुष्परूप से हँसती बेली
शाखा करसे करती केली
रोते रोते सूखे आँसू भाता नहिं मुज को कोई भोजन
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ ५ ॥
दिनकर! कह दो कहां ऋषभ है?
पृथ्वी कण कण तुम्हें ज्ञात है
किरण फेंक तुम चले मार्ग से नहिं बोलोगे क्या तुम राजन्!
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ ६ ॥
निशादीप! तूं शीतल करसे
शांति ऋषभकुं करे दूरसे
जरूर तुझको ज्ञात हि होगा मेरा शिशु जो है चंद्रानन
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ ७ ॥
अगनित हो तुम तारे नभमें
चमक रहे हो हँसते मनमें
बतलाओ तुममें से कोई वालक मेरा नरपंचानन
बोलो कोई बतलाओजी ऋषभ कहां है मेरा जीवन? ॥ ८ ॥
मरुदेवी है शोकविह्वला
पुत्रविरह से दुःख संकुला
रोते रोते नयन पटल ही आय गये नेत्रों के गंजन
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ ९ ॥
भरत तनुज श्री ऋषभदेव के
वंदन आये माताजी के
पूछे माता भरत पौत्र से पता कोई पाया क्या साजन?
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ १० ॥
भरत कहे क्या सुत से मिलना?
वैभव उनका स्वयं निरखना?
आवो दर्शन करने उनका इंद्र स्वयं करते है वंदन
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ ११ ॥
गज अंबारी करी सवारी
नानीजी पर भक्ति धारी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मरुदेवीजी बैठे गज पर निज सुतके दिलसे करे दर्शन
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ १२ ॥
समवसरण के निकट सामने
दुंदुभि नाद सुने माताने
देवी देवन के कोलाहल कर्णविवर के करते रंजन
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ १३ ॥
माता पूछे भरत पौत्र से
किस का वैभव सुना कर्ण से
पिता ऋषभ जिनराज बिराजे तीन भुवन के पूजित राजन्
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ १४ ॥
रोते रोते दिन कई बीते
दुखिनी भई मैं जीवन खोते
मेरा कोई स्मरण न उसको नवल जगत का ऐसा गुंजन
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ १५ ॥
देखूं मै नयनों से वैभव
अंध भई मैं कैसे संभव?
सब देवन का देव ऋषभ मम साधु-हृदय का मंत्र हि गुंजन
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ १६ ॥
आनंदाश्रू चले वेग से
पटल गले सब दिव्य नयन से
दर्शन साक्षात् परब्रह्म का आत्मविकासक जिन नयनांजन
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ १७ ॥
कौन ऋषभ मरुमात कोन है?
भास भ्रमात्मक जगत भ्रांति है
निज निज कर्म विवश जीवन सब कर्मधर्म का जग है भाजन
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ १८ ॥
कर्म गले मरुमाताजी के
प्रगट उजाला दिव्य आत्म से
लोकालोकप्रकाशक केवलज्ञान भया भास्करसम अनुपम
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ १९ ॥
शीघ्र गति दिव्यांबर गाजे
मुक्तिपुरी मरुदेवी बिराजे
मरुदेवी मन विलसित गाते 'बालेन्दु' आत्मा का रंजन
बोलो कोई बतलावोजी ऋषभ कहां है मेरा जीवन? ॥ २० ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्राचार्यनिर्मिता—

# अयोगव्यवच्छेदद्वात्रिंशिका ।

[ પદ્યાનુવાદ–સભાવાર્થ ]

અનુવાદક—પંન્યાસશ્રી ધુરન્ધરવિજયજી ગણિ

( ગતાંક પૃષ્ઠ ૫૬ થી શરૂ )

**देहाद्ययोगेन सदाशिवत्वं, शरीरयोगादुपदेशकर्म ।**
**परस्परस्पर्धि कथं घटेत, परोपक्लृप्तेष्वधिदैवतेषु ॥ १७ ॥**

દેહાદિ હોય નહિં તોજ અનંત શર્મ,
જિહ્વાદિ દેહથી ઘટે ઉપદેશ કર્મ;
એવો પરસ્પર વિરોધ જિહાં વસે છે,
એ કેમ સંગત બને પરદેવમાં એ ॥ ૧૭ ॥

સદાશિવપણું શરીર વગેરે ન હોય તો ઘટે અને ઉપદેશનું કાર્ય શરીર હોય તો બને. આમ અરસપરસ વિરોધી વાત અન્યોએ માનેલા દેવોમાં કેમ સંભવે ? ૧૭.

**प्रागेव देवांतरसंश्रितानि, रागादिरूपाण्यवमान्तराणि ।**
**न मोहजन्यां करुणामपीश ! समाधिमाध्यस्थ्ययुगाश्रितोऽसि ॥ १८ ॥**

પ્હેલા જ અન્ય સુરમાં જઈને વસેલા,
રાગાદિ વક્ર મનનાં બહુ દોષ તેમાં;
અજ્ઞાનજન્ય કરુણા પણ તેં ન કીધી,
માધ્યસ્થ્યને સતત શુદ્ધ સમાધિ સાધી ॥ ૧૮ ॥

પ્રથમથી જ અન્ય દેવોને આશ્રય કરીને રહેલા વાંકા હૃદયના રાગ વગેરેમાં હે સ્વામિન્! સમાધિ અને માધ્યસ્થ્યવાળા આપે મોહજન્ય દયા પણ ન કરી. ૧૮.

**जगन्ति भिन्दन्तु सृजन्तु वा पुन–र्यथा तथा वा पतयः प्रवादिनाम् ।**
**त्वदेकनिष्ठे भगवन् ! भवक्षय–क्षमोपदेशे तु परं तपस्विनः ॥ १९ ॥**

સૃષ્ટિ અને પ્રલય તત્પર અન્યવાદી,
છો જેમ તેમ કરતાં જગને પ્રમાદી;
તારા વિષે જ ભગવન્ ! ભવનાશકારી,
છે દેશના પરની ત્યાં મતિ છે બિચારી ॥ ૧૯ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરવાદીઓના સ્વામીઓ ફાવે તેમ જગત્‌ને ભેદો કે સર્જો પણ હે ભગવન્‌! સંસારનો નાશ કરવાને સમર્થ ઉપદેશ આપમાં જ એકનિષ્ઠ છે. એટલે એ તો બીચારા છે. ૧૯.

**वपुश्च पर्यङ्कशयं श्लथं च, दृशौ च नासा नियते स्थिरे च ।**
**न शिक्षितेयं परतीर्थनाथै–र्जिनेन्द्र ! मुद्राऽपि तवान्यदास्ताम्  ॥ २० ॥**

પર્યંક આસન કરી શ્લથતા ધરીને,
રાખ્યું શરીર નયનો સ્થિર નાસિકાગ્રે;
સ્વામિન્‌! ન એવું મળ્યું શિક્ષણ બેસવાનું,
ત્યાં અન્ય દેવતણું અન્ય શું પૂછવાનું? ॥ ૨૦ ॥

શરીર પર્યંક આસનવાળું અને શિથિલ ( અક્કડ નહિં ) નયનો નાસિકાગ્રે નિયત અને સ્થિર–આવી મુદ્રા પણ જ્યાં પરતીર્થના સ્વામીઓ શિખ્યા નથી ત્યાં હે જિનવર! બીજું તો દૂર જ રહો. ૨૦.

**यदीय सम्यक्त्वबलात् प्रतीमो, भवादृशानां परमस्वभावम् ।**
**कुवासनापाशविनाशनाय, नमोऽस्तु तस्मै तव शासनाय  ॥ २१ ॥**

શ્રદ્ધાબળે સુદૃઢ જાસ જણાય નાથ!
ઉત્કૃષ્ટ આપ સમ ના પરમાત્મભાવ;
કુવાસના વિષમ–પાશ વિનાશકારી,
હો વંદના જિનપ–શાસનને અમારી ॥ ૨૧ ॥

જેના સમ્યક્‌ત્વબળથી આપ સરખાના પરમ સ્વભાવને જાણીએ છીએ, તે દુષ્ટ વાસનાના પાસલાને તોડનાર આપના શાસનને નમસ્કાર હો. ૨૧.

**अपक्षपातेन परीक्षमाणा, द्वयं द्वयस्याप्रतिमं प्रतीमः ।**
**यथास्थितार्थप्रथनं तवैत–दस्थाननिर्बन्धरसं परेषाम्  ॥ २२ ॥**

દુષ્પક્ષપાત ત્યજીને કરીએ વિચાર,
તોએ અનન્ય વિલસે જગ બે પદાર્થ;
જે જેવું હોય પ્રભુ! આપ જ તેવું કે'તા,
દુર્માર્ગમાં ધરી દુરાગ્રહ અન્ય રે'તા ॥ ૨૨ ॥

પક્ષપાત વગર પરીક્ષા કરીએ છીએ તો પણ બે વસ્તુ બે જનની અદ્વિતીય જણાઇ આવે છે, યથાસ્થિત પદાર્થનો ઉપદેશ આપમાં અને અસ્થાને આગ્રહભાવ પરમાં. ૨૨.

**अनाद्यविद्योपनिषन्निषण्णै, र्विशृङ्खलैश्चापलमाचरद्भिः ।**
**अमूढलक्ष्योऽपि पराक्रिये यत्, त्वत्किङ्करः किं करवाणि देव ! ॥ २३ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માયારૂપી ઉપનિષદ્ પર બેસી ઊંઘા,
ઉચ્છૃંખલો ચપળતા કરતા બહુધા;
સલ્લક્ષ્ય યુક્ત પણ હારી જતો હું તેથી,
હે નાથ! દાસ તુમ હું કરું શું હવેથી? ॥ ૨૩ ॥

અમૂઢલક્ષ્ય એવો હું આપનો સેવક આ અનાદિ-અવિદ્યારૂપ ઉપનિષદ પર બેઠેલા ચપળતા કરતા ઉચ્છૃંખલોવડે પરાભવ પામું છું તો હે નાથ! કહો હું શું કરું? ૨૩.

विमुक्तवैरव्यसनानुबन्धाः, श्रयन्ति यां शाश्वतवैरियोऽपि ।
परैरगम्यां तव योगीनाथ! तां देशनाभूमिमुपाश्रयेऽहम् ॥ २४ ॥

આજન્મ વૈરી મૃગ-સિંહ સમાન પ્રાણી,
સાથે વસે વિસરી વૈર-વિરોધ જ્યાંહી;
મિથ્યામતિ કદી ન પામી શકે ય જેને,
તે દેશના-વસતિને પ્રણમું હું પ્રેમે ॥ ૨૪ ॥

જે સમવસરણનો આજન્મ વૈરીઓ પણ વૈરવિરોધના રસ છોડીને આશ્રય કરે છે તે આપના સમવસરણને હે યોગિનાથ! હું અનુસરું છું કે જેને બીજાઓ પામી શકતા નથી. ૨૪.

( ચાલુ )


## રાસ-સાહિત્યમાં અનોખી ભાત પાડતો અપૂર્વ ગ્રંથ

**પદલાલિત્ય, સુભાષિતો તેમજ દશ પરિશિષ્ટોથી શોભતો ગ્રંથ**

વિષય-વિકારની વિષમતા સમજાવતું "કામગજેન્દ્ર"નું કથાનક

# શ્રી સીમંધર શોભાતરંગ (સચિત્ર)

卐 ગુજરાતી અનુવાદ, તેમજ ટીકા ટિપ્પણીઓથી અલંકૃત
卐 અલંકારો, અતિશયોક્તિઓ, ઉત્પ્રેક્ષા અને રૂપકોથી ભરચક
卐 પ્રાચીન ભાષા-સાહિત્યની દૃષ્ટિએ અભ્યસનીય
卐 જાણીતા વિદ્વાન્ અને સંશોધક પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયાના વિસ્તૃત પરિચયથી યુક્ત

*** આવો અપૂર્વ ગ્રંથ આજેજ વસાવી લ્યો ***

પ્રકાશક—**શ્રી જૈન શ્વે. સંઘની પેઢી-પીપલી બજાર, ઇન્દોર**

પ્રાપ્તિસ્થાન—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**

ક્રાઉન સોળપેજી ૩૨૦ પૃષ્ઠ, રંગીન ચિત્રો, પાકું સુંદર બાઈંડીંગ છતાં......

**મૂલ્ય માત્ર રૂપિયા બે**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માછીનો નિયમ !

લેખકઃ—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

## નિયમ કે નિશ્ચય ?—

શું તગદીર ! આજે સવારે કયાં અપશકનીયાળનું મ્હોં જોવાઇ ગયું કે બપોરા થયા છતાં જાળ કોણ જાણે કેમ રિસાઇ બેઠી છે ! રોજ ઢગલાબંધ માછલા ભરી લાવનાર આજે જાણે નકામી બની ગઇ છે ? લગભગ મધ્યાહ્ન પછી એકાદ ઘડી વીત્યે તો હું મારા ટોપલા ભરી બજારમાં પહોંચી જતો અને સંધ્યાના ઓળા પથરાય તે પૂર્વે રસોઈની સામગ્રી સહિત ઝુંપડીએ પાછો ફરતો. મારા બાલુડાંઓ મને ભેટવા ટાંપીને બેઠાં જ હોય. નાના મોટા થઈ છ માથાને લૂખુંસુકું ધાન માંડ આપનાર આ ધંધો આજે તો મને કડાકા કરાવશે કે શું ? માંડ બે ઘડીમાં તો મારા બે ટોપલા શે ભરાય ? કદાચ વધુ બે ઘડી થોભું તો પણ મને આશા આજે તો દેખાતી નથી !

સ્વભાવની તીખી અને વાત વાતમાં ' ઝગડો જગવે એવી ' બાયડી મળી છે ! એક દિ' રોજી ન મળી તો ચલાવી લઇ, સહન કરવાની વાત એની પ્રકૃતિમાં જ નથી. ખાલી હાથે, પગ મૂકતાં જ હરિ, તારા બાર વાગી જવાના ! પડોશના ઝુંપડા ગજવી મૂકે તેવો હોકારો ઊઠવાનો.

હે ભગવન્ ! મારી આજની દશા તો મહાભયંકર ! મને શી ખબર કે સંતનો નિયમ મને આ જાતના મહાસંકટમાં એકાએક ધકેલી દેશે ? એ લીધા પછી અઠવાડીયું તો ખરેખર આનંદમાં વીતી ગયું. મારા આ કષ્ટમય જીવનમાં એ મહાત્માના મીઠા શબ્દોથી કેવી મીઠી શાન્તિ પથરાઇ ગઇ. અહા ! સવારમાં તેમજ રાતની નિદ્રા ટાણે એ મૂર્તિ જાણે મને સામે દેખાય છે અને કહે છે કે—હરિ ! નિયમ ભલે નાનો ગણાય, કોઇને હસવા જેવો પણ લાગે, છતાં એના પાલનમાં દૃઢ રહેજે. એનાથી તારું જરૂર કલ્યાણ થશે. દેવ તો નિરંજન-નિરાકાર હોય છે, પણ તેમના પરની દૃઢ શ્રદ્ધા જ આત્માને લાભદાયી નિવડે છે.

આજે સવારે ઉઠ્યો ત્યારે હંમેશની માફક એ મહાત્માની સ્મૃતિ થઇ હતી, સવારના કાર્યોથી બહાર નીકળ્યો ત્યારે શકનમાં ગાય માતા સામી મળી હતી. પછી કોણ એવું અથડાયું તે તો કંઇ યાદ આવતું નથી છતાં સમયનું વહેણ તો અસ્ખલિતપણે વહ્યું જાય છે. જરૂર કોઇ કૃપણના દિદાર દેખાયેલા તે વિના તે સાત્ર આવું થાય ખરૂં ?

કયાં હું નવો નિશાળીયો છું કે મને જાળ નાંખતાં આવડતી નથી એવો સવાલ ઉઠે ? સામે દેખાતા કંચનપુરમાં મારી આ ત્રીજી પેઢી ગણાય. બાપિકા આ ધંધામાં મેં દશકો વીતાવ્યો. શહેરમાં વિપુલ વરતી અને એમાં માંસભક્ષણ કરનારા પણ હોય એટલે મારા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વ્યવસાયમાં મહેનત વધારે છતાં ભૂખ્યા સૂવાનો પ્રસંગ જવલ્લે જ આવે. ઓછુંવત્તું ભાગ્ય પ્રમાણે મળી રહે જ.

હે ભગવન્ ! તો આજે આમ કેમ ? શહેરની ઉજળિયાત વસતીનાં સુંદર મકાનો દેખી કે એમના મનોહર ભોજન જોઇ મેં એની કામના નથી કરી. આંખે ચડે છતાં એ તરફથી નજર ખેંચી લીધી છે. રજમાત્ર ઇર્ષ્યા કર્યા વગર મને મળતા મહેનતના રોટલાથી સંતોષ માન્યો છે. રોજનો કચવાટ છતાં સહનશીલતા છોડી નથી. જે કંઇ પ્રાપ્ત થયું તે ઝુંપડીએ લઇ જઇ, કુટુંબ-પોષણની ફરજમાં ખામી આવવા દીધી નથી. આ ગરિબની રાવ સાંભળ ! એક તરફથી ગરમી વધતી ચાલી છે. થોડીવારમાં ઓટ થવાની ઘડી બજી રહી છે. હવે તો મહેનતથી હાથ થાકયાં છે અને એ નિરર્થક જવાથી અંતરનો જોમ પણ તૂટી ગયો છે; છતાં હે દુઃખીના બેલી ! ત્હારું નામ રટી, આ છેલ્લો દાવ ફેંકું છું. એમાં જે કંઇ મળશે તેનાથી રોજની માફક નહીં તો દામ આવે અને નહીં તો પૂરું પેટ ભરવાની સામગ્રી લેવાય, છતાં બાળકો રીઝશે ને કંકાશ ટળશે એ પણ ઘણું છે.

અહા ! ધારણા પ્રમાણે બધું બનતું હોત તો, દુનિયામાં દુઃખો નજરે પણ પડત નહીં, તો પછી ' દુઃખમાં રામ ' યાદ એવી કહેવત પ્રવર્તવાનું કારણ પણ ન રહેત. નીતિકારોએ લખ્યું છે. ' નસીબ ચાર ડગલા આગળનું આગળ ' એમ કહી ઉદાહરણ આપતાં વદે છે કે—' જેના માથે તાલ પડી છે એવો એક આદમી, બપોરના સૂર્યના તીક્ષ્ણ તાપથી બચવા સારુ-માથે છાંયો આવે એ માટે-એક નાળિયેરીના ઝાડ હેઠળ પહોંચ્યો અને જ્યાં વિશ્રાંતિ માટે બેસે છે ત્યાં તો ઉપરથી ધબાક દેતું શ્રીફળ પડયું અને બિચારાનું માથું ફૂટયું ! ' અને એ ઉપરથી સાર તારવે છે કે—' જયાં જયાં ભાગ્યહીનના પગલાં પડે છે ત્યાં આપદાઓ ડોકિયા કરતી સામે આવી ખડાં થાય છે. ' પૂર્વે જે મચ્છીમારને વિચારમાળાના મણકા મૂકતો જોઇ ગયા તે ઉઠયો અને ફરી પ્રયત્ન કર્યો. ઠીક ઠીક મહેનત કરી. અજાયબી એક જ કે એની જાળમાં એક જ જાડું માછલું આવ્યું.

એને જોતાં જ એનાથી બોલાઇ જવાયું કે—અરે, આ તો એ જ-મેં ઓળખવા માટે બાંધેલી કોડી આ દેખાય. વારંવાર એનું એ કયાંથી ભરાઇ જાય છે ? શું એને મારી સામે બાકડી બાંધી છે કે હારજીતની રમત ગોઠવી છે !

જાળમાંથી ટોપલામાં એ મોટા માછલાને કાઢી, એની સામે જોઈ એ બોલ્યો.

જીવડા, ભૂખ તો એવી છે કે-માછલાથી તૃપ્તિ કરી લઉં પણ એ સૌમ્યમૂર્તિ સંત, એમની મધુરી વાણી અને જિંદગીમાં પહેલી વાર કાને અથડાયેલ આશ્વાસનના મીઠા વેણ કેમે કર્યાં મારા હૃદયમાંથી ખસતા નથી. વારંવાર નિયમ-પાલનમાં મજબૂત રહેવાની અદૃશ્યપણે સૂચના દઇ રહ્યા છે. ભલે ભૂખ્યા સૂવું પડે, કુટુંબને કડાકા થાય, પણ તેને તે છોડી દેવાનો-એ મારો નિશ્ચય, એમ કહી માછલાને દરિયામાં પાછું મૂકી દીધું.

કથાનકો પાછળનો ભાવાર્થ અવધારવામાં આવે તો એ સડક પર ઊભા કરેલ માઇલ-સૂચક ( Mile-stones ) પત્થરોની ગરજ સારે છે. સાહિત્યના ઉદ્યાનને શોભાવે એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વાત પણ એક મચ્છીમારની છે. એ નિયમ ચાહે તો નાનો કિંવા મોટો હોય, પણ એ ફળદાયી ત્યારે જ નિવડે છે કે જ્યારે એના પર અફર શ્રદ્ધા હોય છે. કસોટીની એકાદ પળ સાંપડતાં એ પાછળનું નિશ્ચય-બળ કેવું છે એની પરીક્ષાનો સમય આવે છે. એ વેળા અડગ રહેનાર પહેલી નજરે દુ:ખના ડુંગરોમાં અથડાતો દૃષ્ટિગોચર થાય છે પણ આખરી વિજય તો એને જ વરે છે. '**सत्यमेव जयते**' એ વચન ટંકશાળી છે. નિર્મળ સોના તરીકે-સોટચના સુવર્ણ તરીકે-છાપ પડતાં પૂર્વે એને ધગધગતી આગમાંથી પસાર થવું પડે છે, એ દુનિયામાં બનતી વાતથી કોણ અજાણ્યું છે?

એક દિનની વાત છે. લગભગ મધ્યાહ્ન થવા આવેલ ત્યારે જેમના પગ થાકવા માંડ્યા છે અને માર્ગના પરિશ્રમ તેમજ તાપના ઉકળાટથી સ્વેદબિન્દુઓ ચહેરા પર બાઝી આવ્યા છે એવા એક સંત આ દરિયાના એકાંત પ્રદેશમાં આવી ચડ્યા. વાતાવરણમાં પથરાયેલી બદબોથી ઘડીભર તો તેમને થયું કે-'હું અહીં કયાં આવી ચડ્યો? પણ તરત જ યાદ આવ્યું કે-સાથીઓથી માર્ગભ્રષ્ટ થયેલ હું કોઇના અંગુલીનિર્દેશ વિના આ અજાણ્યા પ્રદેશમાં જવાનો પણ કયાં? 'પૂછંતા નરા: પંડિતા:' એ જનવાયકા પ્રમાણે કોઇને પૂછવું જ રહ્યું. જે ચાર પાંચ માનવીઓ જુદા જુદા અંતરાળે સાગરના જળમાં માછલા પકડવા જાળ પાથરી ઊભા છે એમાંના એકની-જે નજીકમાં જણાય એની-મદદ લઇ, રસ્તો જાણી આગળ વધું.

સમિપ પહોંચતાં જ પ્રશ્ન કર્યો-ભાઇ, અહીંથી શહેર કેટલું આઘું છે? નજીકમાં કોઇ વસતી છે કે કેમ? અને જલ્દી પહોંચવાનો માર્ગ કયો?

સવાલ સાંભળીને માછીએ પ્રથમ તો આ સૌમ્યમૂર્તિ શ્રમણને નમસ્કાર કર્યા; અને જણાવ્યું કે:—

સાધુજી, સામે દેખાતો દરબારગઢ એ કંચનપુરના સ્વામી જિતારી રાજાનો છે. શહેરમાં આપ જેવા મહાત્માને પગે પડનાર ઘણા છે. આપ થાકયા જણાવ છો અને માર્ગ ભૂલી, ધોરી રસ્તે જવાને બદલે આ નિર્જન અને ઉજ્જળીયાત માનવોથી ત્યજાયેલા પંથે આવી ચડ્યા છો! છતાં મુંઝાવાની જરૂર નથી. મહારાજ, આ સામે દેખાતી શંકરની દહેરીથી જમણા હાથે વળાંક લેશો એટલે સામે જ કંચનપુરનો દરવાજો નજરે પડશે. માંડવીનો માર્ગ પૂછજો. ત્યાં ઉજળી વસતીના ઘણા ઘર છે.

ભાઇ, તારું નામ શું? તારી ક્રિયા જ ધંધો તો દેખાડે છે.

હા, મહારાજ, આ મચ્છીમારનો હલકો ધંધો પેટને માટે કરવો પડે છે. ત્રીજી પેઢીથી ચાલ્યો આવે છે. આખા દિવસની મહેનત પછી માંડ છ માથાનું પોષણ થાય એટલું એમાંથી મળે છે. મારું નામ જાણીને આપ શું કરશો? અને નામમાં બળ્યું છે પણ શું? મારું રોજનું કામ આ, અને એ કેવું છે તે તો આપ સરખા મહાત્માથી કયાં અજાણ્યું છે?

ફોઇએ પહેલું નામ 'હરિ' પાડ્યું. પડોશમાં નાની વયમાં 'હરિયા' તરીકે બોલાવાતો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વય વધતાં અને પ્રસંગ પ્રાપ્ત થતાં ભયટાણે હિંમતથી ઝૂઝવા માંડ્યું, અરે ! એકલો હોઉં તો પણ કોઇના તાપમાં ન તણાઉં એટલે હરિ પાછળ 'બળ' નો ઉમેરો થયો અને 'હરિબળ' એ નામથી શહેરમાં પ્રસિદ્ધિ થઇ.

હરિબળ ! નામ પાછળનું રહસ્ય સમજાય તો એથી ઓર કામ થાય-'હરિ' કહેતાં ઇશ્વર અને જેને એ ઇશ્વરનું બળ મળ્યું છે એવો માનવ તે હરિબળ. કેમ ભાઇ, વ્યાખ્યા ગમે એવી છે ને ? માછલા એ પણ જીવો છે અને એમને મારવા, પકડવા અને એ વેચીને પેટ ભરવું એ જરૂર પાપમય કામ છે. એથી તો એ ધંધો હલકો ગણાય છે. જો બીજું કંઇ કામ આવડતું હોય તો આ નીચ વ્યવસાય છોડી દેવો ઘટે. દરેકને જીવન વહાલું હોય છે.

બાપજી ! તમારી વાત સાચી છે પણ મેં કહ્યું નહીં કે ત્રીજી પેઢીથી આ માત્ર આજીવિકાનું સાધન છે. પાકી ઉંમરે હવે બીજો ધંધો આવડે પણ નહીં. પેટે પડયાને પોષવા તો પડેજ ને ! એમને કંઇ ભૂખ્યા મારી નંખાય ? હું પણ, બાપજી સમજું છું કે જે જીવોને ભગવાને પેદા કર્યાં, તેમને મારવાનો મને શો હક છે ? છતાં 'પેટ કરાવે વેઠ' એટલે આમ કર્યા વિના આરો નથી.

મચ્છીમારની વાત સાંભળી સંત ઘડીભર તેના ચહેરા તરફ જોઈ રહ્યા. પછી મિષ્ટ વાણીમાં બોલ્યા—

ભાઇ, હતાશ થવાની જરૂર નથી. કોઇ યોગ સાંપડે તો આ ધંધાથી હાથ ધોઇ નાંખવા. તપાસ કરતાં રહેવું. તેં મને થોડો સમય વિશ્રાન્તિ મળે એ સારુ અહીં સગવડ કરી આપી અને વસતીનો રહેલો માર્ગ પણ બતાવ્યો. એ તારા ઉપર ઉપકારના બદલા-માં—આપણા મેળાપની યાદમાં હું તને એક નાનકડો નિયમ આપું તો તું સ્વીકારીશ ?

બાપજી, મારા જેવા ધીવરના નસીબમાં આપ સરખા સંતનો યોગ કયાંથી ? આ તો ભૂલા પડયા અને આ હીન ભોમમાં પગલાં થયા. મારાથી પળે એવો હશે તો હું રાજી થઇને ગ્રહણ કરીશ.

સાંભળ, કાલથી તારે જાળમાં જે પહેલું માછલું આવે તેને અભયદાન આપવું અર્થાત્ એને ટોપલામાં ન ભરતાં દરિયામાં પાછું નાંખી દેવું. આ નિયમ દ્રઢપણે પાળવો.

મહાત્માજી, આટલો જ નિયમ ! હું જરૂર પાળીશ. રોજ ટોપલા ભરી, માછલા ભરી જનારને એક માછલું પડતું મૂકવું એમાં તે શી મોટી વાત છે ?

તો હું વિદાય લઉં છું, જોજે હરિબળ ! અડગ રહેજે.

મહારાજ મારા બાપના બોલથી ખાતરી રાખજો કે હું આ નજીવી વાતમાં કાયર નહીં બનું. લ્યો ત્યારે નમસ્કાર,

ઉપરના પ્રસંગ પછી લગભગ મથાળે વર્ણવેલો બનાવ એક અઠવાડીયા બાદ બન્યો. તે દિવસે જાળ નાંખતાં જ એક જાડો મત્સ્ય પકડાયો. તુરત જ નિયમ મુજબ એને છોડી દીધો.

For Private And Personal Use Only

ફરીથી જાળમાં પણ એ જ આવ્યો. હરિબલને શંકા જન્મી કે એ જ છે કે બીજો? તપાસતાં પહેલાં આવ્યો હતો તે જ એ નક્કી થયો. નિશાની સારુ ગળાના ભાગે એક કોડી બાંધી, પાછો પાણીમાં મૂકી દીધો. આશ્ચર્યની વાત એ બની કે–વારંવાર એ જ મત્સ્ય જાળમાં આવે. છેલ્લા દાવમાં પણ એ જ માછીનો દિવસ કોરોધાકોર રહ્યો છતાં નિશ્ચય ન ડગ્યો.

ઉછળતા હ્રદયે, નિયમ–પાલનમાં દ્રઢ રહેવાના આનંદે મત્સ્યને નીર ભેગો કર્યો પછી હરિબળ ખાલી ટોપલા લઇ પાછો ફર્યો. માર્ગે વિચાર આવે છે કે–આ રીતે કંઇ પણ કમાણી કર્યા વિના ઘેર જઇશ તો, કર્કશા સ્ત્રી જોડે પાના પડયા હોવાથી, આજનો મારો આ હર્ષ તો હતો ન હતો થઈ જશે, અને દિલ હચમચાવે તેવું ધમસાણ મચી જશે. વળી છોકરાં પણ ઘરકલેશને કારણે જે કંઇ પામતા હશે તે નહીં પામે. એ કરતાં આજની રાત અહીં વીતાવો, કાલે ટોપલો ભરી, વેચીને પછી જ જવું વ્યાજબી છે. એથી શાંતિ જળવાશે અને ' શૂળીનું વીઘન સોયે પતી જશે. '

તરત જ નિશ્ચય પાકો કરી લીધો અને નગરની ભાગોળે આવેલ પૂર્વે જોઇ ગયા તે મહાદેવની દહેરીમાં પહોંચી જઇ, રાતવાસો કરવાની તૈયારી કરી લીધી. ભૂખની પીડા પ્રતિજ્ઞાના પાલનના હરખમાં જણાઇ નહીં, અને જોતજોતામાં આંખ મળી ગઇ. તંદ્રાવસ્થામાં જ નેત્રો સામે કોઇ દિવ્ય સ્વરૂપી વ્યકિતનો આભાસ પડયો. અવાજ સંભળાયો કે–

' ધીવર હરિબલ ! નિયમ–પાલનની તારી દ્રઢતા જોઇ, હું તારા પર પ્રસન્ન થયો છું. ઇચ્છા મુજબ વર માગી લ્યે. '

ઘડીભર તો ન જોયેલું જોવાથી મચ્છીમાર સ્તબ્ધ બની ગયો–આંખ ચોળી જોતાં લાગ્યું કે–આ સ્વપ્ન નથી પણ સત્ય છે. પણ જેણે જિંદગીમાં નથી બીજી કોઇ દિશા જોઇ એ માગે પણ શું ? માંડ બોલ્યો કે—' આપત્તિમાં રક્ષણ કરજો. '

'તથાસ્તુ' કહી, વિપત્તિ વેળા નામ–સ્મરણ કરવાની વાત સમજાવી, પેલી વિભૂતિ અદ્રશ્ય થઇ ગઇ.

હરિબલને નિયમપાલનનો તો હર્ષ હતો પણ એમાં આ જાતની સ્હાય મળવાથી ઉમેરો થયો. તે પુનઃ નિદ્રાધીન બન્યો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહોપાધ્યાય ધર્મસાગરજી ગણિની જીવનરેખા.

( ૩ )

( લેખકઃ—પ્રો. **હીરાલાલ રસિકદાસ કાપડિયા. M. A.** )

( ગતાંક પૃષ્ઠ ૬૪ થી શરૂ )

**મહાવીરવિજ્ઞપ્તિદ્વાત્રિંશિકા—જિનરત્નકોશ** ( પૃ. ૩૦૩ ) પ્રમાણે આને જ **વીરદ્વાત્રિંશિકા** કહે છે. પૃ. ૩૪૩ પ્રમાણે આનું બીજું નામ **વર્ધમાનદ્વાત્રિંશિકા** છે. આનું નામ વિચારતાં એમાં ૩૨ પદ્યો હશે એમ લાગે છે, જો કે અન્યત્ર આનું નામ **મહાવીરવિજ્ઞપ્તિષટ્ત્રિંશિકા** જોવાય છે. એ સાચું જ હોય તો અંતમાંનો '**ષટ્ત્રિંશિકા**' શબ્દ ૩૬ સૂચવે છે અને તે પ્રમાણે ૩૬ હોવા જોઇએ.

આ બત્રીસીને અંગે **જૈ.** સા. સં. ૪.( પૃ. ૫૮૩ )માં "નવરસારસરાજ વર્ષે ! ૧૬૬૯ માં" એવો ઉલ્લેખ છે. જૈનાનંદ પુસ્તકાલયમાં સ્વોપજ્ઞ વૃત્તિની [1]હાથપોથી છે. એમાં "નવ–રસ–રસા–રાજ" એવો ઉલ્લેખ છે. એ ઉપરથી વૃત્તિ વિ. સં. ૧૬૬૯ માં રચાયાનું જોઈ શકાય છે. એમાં ધર્મસાગરે જાતે આ કૃતિ ઉપર સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. આ કૃતિ એમના બંધુ વિમલસાગરે સુધારી છે.

**જૈન ગ્રંથાવલી**( પૃ. ૨૮૯ )માં અજ્ઞાતકર્તૃક **વર્ધમાનષટ્ત્રિંશિકાની** નોંધ છે.

સત્યસૌભાગ્યના શિષ્ય ઇન્દ્રસૌભાગ્યે **મહાવીરવિજ્ઞપ્તિષટ્ત્રિંશિકા** રચી છે. આ લઘુ સ્તોત્રદ્વારા એમણે લગભગ અગિયાર અજૈન દર્શનોની અસત્યતા સિદ્ધ કરવા પ્રયાસ કર્યો છે. આ કૃતિ જ્યારે 'સાગર' ગચ્છ ઉપર **રાજસાગરસૂરિનું** આધિપત્ય હતું ત્યારે રચાઇ છે.

**વીરદ્વાત્રિંશિકા** યાને **વર્ધમાન–દ્વાત્રિંશિકા** નામની કૃતિ **સિદ્ધસેન** દિવાકરે રચ્યાનું મનાય છે. વળી અન્ય કોઇએ પણ એ નામની કૃતિ રચી છે.

**ષોડશકી—જિનરત્નકોશ**( પૃ. ૪૦૫ ) પ્રમાણે આનું બીજું નામ **ગુરુતત્ત્વપ્રદીપદીપિકા** છે. એ **ગુરુતત્ત્વપ્રદીપને** આધારે રચાઇ છે. **ષોડશકીને** કેટલાક **ષોડશશ્લોકી** કહે છે. આના ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ છે.

**ષોડશકી વૃત્તિનું** બીજું નામ **ગુરુતત્ત્વપ્રદીપિકા** છે અને એનું પરિમાણ ૧૦૦૦ શ્લોક જેવડું છે એમ **જૈન ગ્રંથાવલી**( પૃ. ૧૬૪ )માં કહ્યું છે.

**જૈન ગ્રંથાવલી**( અનુક્રમણિકા. પૃ. ૮૮ )માં **ધર્મસાગરના** નામની સામે ૨૧૮ નો પૃષ્ઠાંક છે, પણ એ પાના ઉપર એમની કોઇ કૃતિ નથી એટલે આ અંક ખોટો છે, કોઇ બીજો જ હોવો જોઇએ.

---

૧ આ તપાસતાં **વીરદ્વાત્રિંશિકા** તેમજ **મહાવીરવિજ્ઞપ્તિદ્વાત્રિંશિકા** એમ બંને નામ ટીકામાં છે એમ જણાયું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સર્વજ્ઞશતક**—આ કૃતિ ઉપર ગ્રંથકારની પોતાની વૃત્તિ છે. વિશેષમાં 'તપા' ગચ્છના **શાંતિસાગર**ના શિષ્ય **અમૃતસાગરે** એના ઉપર વિ. સં. ૧૭૪૬ માં બાલાવબોધ રચ્યો છે. **સર્વજ્ઞશતક**ની એક હાથપોથી જૈનાનંદ પુસ્તકાલયમાં હોવાનો ઉલ્લેખ છે, પણ તપાસ કરતાં એ હાથપોથી મળી આવી નથી.

**જિનરત્નકોશ**( પૃ. ૪૨૮ )માં નયવિજયના શિષ્ય **યશોવિજયે** **સર્વજ્ઞશતક-વિરોધવિચાર** રચ્યાનો અને એ આગમોદય સમિતિ તરફથી ગ્રંથાંક ૪૯ માં પ્રસિદ્ધ થવાનો ઉલ્લેખ છે, ત્રણ ગ્રંથાંક ૪૯ માં તો આ કૃતિ નથી.

**શિષ્ય-પરિવાર**—ધર્મસાગરગણિના શિષ્યો, પ્રશિષ્યો વગેરે સમગ્ર પરિવારનો ઉલ્લેખ કોઈ સ્થળે એકત્રિત સ્વરૂપે અપાયેલો જોવામાં નથી. હું પણ અત્યારે તો એ કાર્ય કરી શકું તેમ નથી. આથી કેટલાક શિષ્યાદિનાં નામો આપી ચલાવી લઉં છું.

જૈ. સા. સં. ઇ. ( પૃ. ૫૮૬ ) પ્રમાણે **વિમલસાગર** ધર્મસાગરના ગુરુભાઇ છે. આ વિમલસાગરના શિષ્ય **પદ્મસાગરે** વિ. સં. ૧૬૩૩ માં સ્વોપજ્ઞ ટીકા સહિત **નયપ્રકાશાષ્ટક** રચેલું છે.

ધર્મસાગરના એક શિષ્યનું નામ **લબ્ધિસાગર** છે. એમણે **ચાર બોલ ચર્ચાની ચોપાઇ** રચી છે.[1] લબ્ધિસાગરને નેમસાગર નામે શિષ્ય હતા. એમના નાનાભાઇ તે એમના શિષ્ય **મુક્તિસાગર** છે. એઓ વિ. સં. ૧૬૮૬ માં આચાર્ય બનતાં એમનું નામ મુક્તિ-સાગર બદલીને રાજસાગર રખાયું. આ સૂરિથી 'સાગર' મતની પરંપરા ચાલી.[2]

ધર્મસાગરના બીજા શિષ્યનું નામ શ્રુતસાગર છે. એમના શિષ્ય **શાંતિસાગરે** વિ. સં. ૧૭૦૭ માં[3] **કલ્પકૌમુદી** રચી છે. આ **શાંતિસાગર**ના શિષ્ય **અમૃતસાગરે** ધર્મ-સાગરકૃત **સર્વજ્ઞશતક**નો બાલાવબોધ રચ્યો છે.

આ પ્રમાણે સાધન અને સમય અનુસાર વિચાર કરતાં નીચે મુજબની સત્તર બાબતો નિષ્કર્ષરૂપે રજૂ કરવા જેવી જણાય છેઃ—

(૧) ધર્મસાગરગણિનો જન્મ વિ. સં. ૧૫૭૫ ની આસપાસમાં થયો હશે.

(૨) વિ. સં. ૧૬૦૭ માં **વિજયદાનસૂરિએ** એમને 'વાચક' પદવી આપી.

(૩) ધર્મસાગરગણિનો સ્વર્ગવાસ વિ. સં. ૧૬૫૦ ની આસપાસમાં થયો હશે.

(૪) એમનું સંસ્કૃત તેમજ પાઇય ભાષા ઉપર પ્રભુત્વ હતું.

---

૧ જુઓ જૈ. સા. સં. ઇ. ( પૃ. ૬૧૬ ).

૨ જુઓ **પટ્ટાવલીસમુચ્ચય** ( ભા. ૨, પૃ. ૨૬૯ ).

૩ આનું સંપાદન આગમોદ્ધારકે કર્યું છે. એના ઉપક્રમમાં એમણે કહ્યું છે કે—અમે કંઇ આ શાખામાં થયા નથી. પરંતુ બંને પક્ષ જોવા મળે એ માટે અમે આ ઉદ્યમ કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૫) એમનો ઐતિહાસિક બોધ નોંધપાત્ર છે.

(૬) એમણે ન્યાયશાસ્ત્રનો સારો અભ્યાસ કર્યો હતો.

(૭) એમની [૧]ઘણીખરી કે પછી બધી જ સ્વતંત્ર કૃતિઓ પદ્યમાં જઇણમરહટ્ઠીમાં રચાયેલી છે.

(૮) એમણે પોતાની પાઇય કૃતિઓને સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કરી છે, એ વૃત્તિઓ ગદ્યમાં સંસ્કૃતમાં છે.

(૯) એમણે ગુજરાતીમાં કોઇ કૃતિ રચી હોય તો તે જાણવામાં નથી.

(૧૦) એમની સ્વતંત્ર મૂળ કૃતિઓમાં **પવયણપરિકખા** સૌથી મોટી છે. એમાં ૬૯૧ પદ્યો છે.

(૧૧) એમની તમામ કૃતિઓમાં તો **જંબુદ્દીવપણ્ણત્તિની** ટીકા સૌથી મોટી છે; એના કરતાં **પવયણપરિકખાની** ટીકા નાની છે, જો કે એના કરતાં બાકીની કૃતિઓ વધારે નાની છે.

(૧૨) રચનાસમયના નિર્દેશવાળી એમની કૃતિઓમાં **તત્તતરંગિણી** સૌથી પ્રથમ છે. વિ. સં. ૧૬૧૫ માં રચાઇ છે.

(૧૩) એમની સાહિત્યપ્રવૃત્તિ વિ. સં. ૧૬૪૫ ની આસપાસ સુધી ચાલુ રહી હશે.

(૧૪) એમણે ' ખરતર ' ગચ્છનાં મંતવ્યોની આલોચનારૂપ અનેક કૃતિઓ રચી છે.

(૧૫) એમની કોઇ કોઇ કૃતિનો નાશ કરાયો હશે એમ લાગે છે.

(૧૬) **નયચક્ર** એ જો ન્યાયવિષયક જ કૃતિ હોય તો એ સિવાયની ન્યાયને લગતી એમની એકે કૃતિ હજી સુધી મળી આવી નથી.

(૧૭) **જંબુદ્દીવપણ્ણત્તિની** ટીકા સૌથી મોટી અને પ્રાચીન હોવાથી જલદી છપાવાવી જોઇએ.

★
★ ★

૧ **નયચક્ર. વીરદ્વાત્રિંશિકા** અને **સર્વજ્ઞશતકની** ભાષા વિષે માહિતી મેળવવી બાકી રહે છે એટલે આ પ્રમાણે ઉલ્લેખ કરું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

( ગતાંક પૃષ્ઠ ૭૯ થી શરૂ )

( લેખક—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S. )

**નિમિત્તનો ઉપકાર**

આમ શાસ્ત્રમાં ઉપાદાનની વાત કહી છે તે વાત ખરી, પણ તે કાંઈ નિમિત્તનો નિષેધ કરવા માટે કે તેનું ઓછું મૂલ્યાંકન કરવા માટે કહી નથી, પણ જીવને પુરુષાર્થ-જાગ્રતિ અર્થે સાપેક્ષપણે કહી છે, એટલે કે શુદ્ધ નિમિત્તના પ્રબળ અવલંબનપૂર્વક આત્મપુરુષાર્થ જાગ્રત રાખવા માટે કહી છે. તે એટલે સુધી કે શ્રુતજ્ઞાનનું–આજ્ઞાનું અથવા જિન ભગવાનનું અવલંબન બારમા ગુણઠાણાના છેલ્લા સમય પર્યંત કહ્યું છે, તે પણ શુદ્ધ નિમિત્તનું સેવન કેટલું પ્રશસ્ત ને ઉપકારી છે એ સૂચવે છે. માટે યુક્ત પક્ષ એ છે કે—શુદ્ધ નિમિત્તના આશ્રયથી ઉપાદાનની શુદ્ધિ પ્રગટ કરતા રહી જીવે આગળ વધવું જોઇએ, આત્મવિકાસ સાધવો જોઇએ. અને એ જ જિન ભગવાનનો સનાતન રાજમાર્ગ છે. આ અંગે શ્રી વિશેષાવશ્યકમાં પ્રજ્ઞાનિધિ શ્રી જિનભદ્રગણીક્ષમાશ્રમણજીએ તથા શ્રી અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રત જિન સ્તવનોમાં પરમ અધ્યાત્મરસપરિણત મહાત્મા દેવચંદ્રજી મહામુનિએ સૂક્ષ્મ મીમાંસા કરી સાંગોપાંગ નિર્ણય બતાવ્યો છે, તે મુમુક્ષુને અત્યંત મનનીય છે. અત્રે વિસ્તાર-ભયથી તેનો પ્રાસંગિક નિર્દેશ માત્ર કર્યો છે.

કેટલાક લોકો સમજ્યા વિના ઉપાદાનની વાતો કર્યા કરે છે અને જાણ્યે–અજાણ્યે નિમિત્તની એકાંતે ગૌણતા ગણી તેનો અપલાપ–નિહ્નવ કરે છે. તે તેમની અણસમજરૂપ મિથ્યા ભ્રાંતિનો દોષ છે, કારણ કે ઉપાદાન અને નિમિત્ત એ કાંઇ પરસ્પર વિરોધી નથી કે પ્રતિપક્ષી નથી, પણ અવિરુદ્ધ સહકારી અને સહયોગી છે. ઉપાદાનની જાગૃતિ અને શુદ્ધિ તો અવશ્ય કર્ત્તવ્ય છે, અને શુદ્ધ નિશ્ચયના સેવનનો ઉદ્દેશ–લક્ષ્ય પણ તે જ છે, પણ ઉપાદાનની શુદ્ધિ–જાગૃતિ અર્થે, ઉપાદાનને ઉપાદાન કારણપણે પ્રગટાવવા અર્થે પણ જિન-ભકિત આદિ પરમ ઉપકારી નિમિત્ત કારણના અવલંબનની અનિવાર્ય આવશ્યકતા છે, એ આ મહાનુભાવો ભૂલી જાય છે. પ્રભુસેવા એ આત્મારૂપ ઉપાદાનને ઉપાદાન કારણપણે પ્રગટાવવા પુષ્ટ આલંબનરૂપ પુષ્ટ નિમિત્ત છે. ઉપરમાં કહ્યું તેમ શાસ્ત્રકારે તો પોકારી પોકારીને કહ્યું છે કે–સમતા અમૃતની ખાણ એવા જિનરાજ જ પરમ નિમિત્તહેતુ છે, અને તેના અવલંબને જ ' નિયમા ' સિદ્ધિ હોય છે.

આવા પ્રબલ નિમિત્ત અવલંબન વિના સીધેસીધું ( Directly ) સ્વરૂપશ્રેણીએ ચઢવું આત અતિ દુષ્કર છે. પણ જેને પ્રગટ આત્મસ્વરૂપ પ્રગટયું છે એવા સાક્ષાત્ સહજાત્મસ્વરૂપી અર્હંત–સિદ્ધ પ્રભુના ધ્યાનાલંબનથી તે શ્રેણીએ ચઢવું સુગમ થઈ પડે છે; કારણ કે શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે તેમ ' ભગવાનના સ્વરૂપનું ચિંતન કરવું તે પરમાર્થ દૃષ્ટિવાન પુરુષોને ગૌણતાથી સ્વરૂપનું જ ચિંતવન છે. જેવું સિદ્ધ ભગવંતનું આત્મ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપ છે, તેવું સર્વ જીવોનું આત્મસ્વરૂપ છે; તે માટે ભવ્ય જીવોએ સિદ્ધત્વને વિષે રુચિ કરવી. જો યથાર્થ મૂળ દૃષ્ટિથી જોઇએ તો જિનની પૂજા તે આત્મસ્વરૂપનું પૂજન છે.'

શ્રી દેવચંદ્રસ્વામીએ કહ્યું છે કે 'જિનવર પૂજા રે તે નિજ પૂજના રે.' કોઇ કહેશે કે આ નિમિત્તનું શું કામ છે? આપણે તો સીધા ઉપાદાન આત્માને જ વળગીએ, માત્ર અધ્યાત્મસ્વરૂપનું જ ચિંતન કરીએ. પણ આ તેમનું માનવું ભૂલ-

**નિરાલંબન અધ્યાત્મચિંતનના ભયસ્થાનો**

ભરેલું છે, કારણ કે આલંબન વિનાનું તેવું અધ્યાત્મ સ્વરૂપ ચિંતન તો અતિ ઉચ્ચ **અપ્રમત્ત** દશાને પામેલા ઉત્તમ અધિકારીઓ માટે છે. પણ તેવી તથારૂપ ઉચ્ચ અધિકાર દશા વિના અને સમય સમજ્યા વિના અધ્યાત્મશાસ્ત્રો સ્વમતિકલ્પનાએ વાંચી, ઉપાદાનને નામે માત્ર અધ્યાત્મસ્વરૂપ ચિંતનની વાતો કરવામાં અનેક દોષરૂપ ભયસ્થાનો રહેલા છે. જેમકે-કવચિત્ તેથી જીવને વ્યામોહ ઉપજે છે. પોતાની તેવી આત્મદશા થઇ નહિં છતાં પોતાની તેવી દશાની 'કલ્પનારૂપ' ભ્રાંતિ ઉપજે છે, 'અહં બ્રહ્માસ્મિ'ને બદલે ભ્રમાસ્મિ થઇ જાય છે! કવચિત્ ભક્તિરસની આર્દ્રતાના અભાવે શુષ્કતા આવી જાય છે, શુષ્ક અધ્યાત્મીપણું થાય છે; બંધ-મોક્ષ તો કલ્પના છે એમ વાણીમાં બોલે છે, પણ પોતે તો મોહાવેશમાં વર્તે છે, એવું શુષ્કજ્ઞાનીપણું ઉપજે છે; અને તેથી સ્વચ્છંદાચારપણું હોય છે, અથવા જ્ઞાનના અજીર્ણરૂપ-અપરિણમનરૂપ ઉન્મત્ત પ્રલાપ થાય છે. અંતરનો મોહ છૂટ્યો નથી, 'સકલ જગત્ તે એઠવત્ અથવા સ્વપ્ન સમાન' જાણ્યું નથી, અને એવી અમોહરૂપ **જ્ઞાનદશા** ઉપજી નથી, છતાં ઉન્મત્તની જેમ 'વાચાજ્ઞાન' દાખવે છે કે 'હમ તો જ્ઞાની હૈ, બંધેલા જ નહિ તો મુક્ત કૈસે હોવે?' તેમજ કૃત્રિમતા, દાંભિકતાદિ દોષ પણ ઉપજે છે. ઇત્યાદિ પ્રકારે અનેક દોષની ઉપપત્તિ એકલા નિરાલંબન અધ્યાત્મ ચિંતનમાં સંભવે છે. પણ ભગવદ્ભક્તિના આલંબનથી તેવા કોઇ પણ દોષની સંભાવના નથી હોતી, અને આત્મા સ્વાભાવિક એવી અધ્યાત્મ ગુણશ્રેણીએ આરોહણ કરતો જાય છે.

મહર્ષિ કુંદકુંદાચાર્યજીએ પ્રવચનસારમાં કહ્યું છે કે 'જે ભગવાન અર્હંતનુ સ્વરૂપ દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણે, તે પોતાના આત્માનું સ્વરૂપ જાણે અને તેનો નિશ્ચયે કરીને મોહ નાશ પામે.' એટલે આમ ભકિતમય અધ્યાત્મ અથવા

**ભક્તિમય અધ્યાત્મથી સહજ અધ્યાત્મ દશા**

અધ્યાત્મમય ભકિતના માર્ગે ચઢતાં ઉકત દોષરૂપ પતનસ્થાનો (Pitfalls) નથી હોતા. ભકિતપ્રધાનપણે વર્તતાં જીવ અનુક્રમે ઉચ્ચ ઉચ્ચ અધ્યાત્મ ગુણસ્થાનો સ્પર્શતો જાય છે, વ્યકત ગુણીના ગુણગ્રામથી 'સહજ' અધ્યાત્મદશા પ્રગટે છે, અને છેવટે પૂર્ણ આત્મગુણવિકાસને પામે છે. આમ '**પુષ્ટનિમિત્ત**'રૂપ પ્રભુનું આલંબન-ધ્યાન આત્માને સ્વરૂપારોહણ કરવાનો સુગમ ને શ્રેષ્ઠ ઉપાય છે, રાજમાર્ગ છે. વાટ દીવાની ઉપાસના કરતાં પોતે દીવો બને છે, તેમ આત્મા પરમાત્માની ઉપાસના કરતાં સ્વયં પરમાત્મા થાય છે. ઉપાસ્યની ઉપાસનાથી ઉપાસક પોતે ઉપાસ્ય બને છે.-' નમો મુજ! નમો મુજ!'

For Private And Personal Use Only

એવી મહાજ્ઞાની આનંદઘનજીએ ગાયેલી પરમ ધન્ય દશા પ્રાપ્ત થાય છે. જે સંસાર સમુદ્ર સમાન તરવો અતિ દુરતર છે, તે પ્રભુના અવલંબને ગોષ્પદ સમાન બની જાય છે! એટલા માટે શ્રી દેવચંદ્રજી જેવા ભક્તશિરોમણિ જ્ઞાની પુરુષ ગાઇ ગયા છે કે–'જિન–આલંબની નિરાલંબતા પામી નિજ આલંબની થાય છે,' તેથી અમે તો તે સમર્થ પ્રભુનું પ્રબળ અવલંબન ગ્રહી નિજગુણના શુદ્ધ નંદનવનમાં રમશું. તે એટલે સુધી કે નિજ સંપદા-યુક્ત આત્મતત્ત્વ જ્યાં સુધી સંપૂર્ણ નહિં થાય ત્યાં સુધી હું આ જગગુરુ દેવના ચરણ સદાય સેવ્યા કરીશ, યાવત્ બારમા ક્ષીણમોહ ગુણસ્થાનના અંત પર્યંત તેનું અવલંબન હું છોડીશ નહિં.

"અતિ દુસ્તર જે જલધિ સમો સંસાર જો,
તે ગોપદ સમ કીધો પ્રભુ અવલંબને રે લો;
જિન આલંબની નિરાલંબની થાયે જો,
તિણે હમ રમશું નિજ ગુણ શુદ્ધ નંદનવને રે લો"—શ્રી દેવચંદ્રજી.

**નિજ મત ઉન્માદ**

આમ કારણ વિના કાર્ય થાય જ નહિં, આ સનાતન નિયમ છે, પણ એ કારણ વિના કાર્ય સાધવાની જે વાત કરે છે, તે તો કેવળ પોતાના મતનો ઉન્માદ જ છે. છતાં કેટલાક લોકો અસમંજસ ભાવે ઉપાદાન અને નિમિત્તના યથાયોગ્ય વિભાગ–સંબંધની મર્યાદાનું ભાન નહિં હોવાથી, અથવા બાંધી લીધેલા ભ્રામક ખ્યાલને લીધે ઊંધું વિપર્યસ્ત સમજતા હોવાથી એકાંતિક પક્ષ ગ્રહીને, ઉપાદાનને નિમિત્ત જાણે, એક બીજાના–વિરોધી પ્રતિસ્પર્ધી હોય, એમ અર્થવિહીન શુષ્ક જ્ઞાનરૂપ વાતોથી કે મહાઅનર્થકારક અનિષ્ટ પ્રરૂપણા શૈલીથી પરમ ઉપકારી નિમિત્તનો અપલાપ કરતા રહી, 'ઉપાદાન ઉપાદાન' એમ શબ્દ માત્ર કહેતા ફરે છે, તે શ્રી આનંદઘનજીના શબ્દોમાં 'નિજ મત ઉન્માદ' જ છે. કારણ કે એકલા ઉપાદાનનો કે એકલા નિમિત્તનો એકાંતિક પક્ષ–આગ્રહ કરવો તે કેવલ વિપર્યાસ-રૂપ–ભ્રાંતિરૂપ પ્રગટ મિથ્યાત્વજ છે. જે એવો એકાંતિક પક્ષ ગ્રહે છે, તે ઉપાદાન ને નિમિત્તનો પરસ્પર સાપેક્ષ પૂર્ણ અવિરોધ સહકારરૂપ સંબંધ જાણતો જ નથી, અને એકાં-તિક મિથ્યા અસત ઉત્સૂત્રપ્રરૂપણા કરી જ્ઞાનીના સનાતન માર્ગનો લોપ કરે છે–તીર્થનો ઉચ્છેદ કરે છે. કારણ કે ઉપાદાનને ભૂલી એકલા નિમિત્તને પકડયાથી જેમ કાંઈ વળતું નથી, તેમ નિમિત્તને છોડી એકલા ઉપાદાનથી પણ કાંઇ વળતું નથી. અલં પ્રસંગેન!

"કારણથી કારજ સધે હો, એહ અનાદિકી ચાલ—લલના૦
દેવચંદ્ર પદ પાઇયે હો, કરત નિજ ભાવ સંભાલ—લલના૦"
શ્રી દેવચંદ્રજી

(અપૂર્ણ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગિરાજ આનંદઘનજી

લેખકઃ—રાજપાલ મગનલાલ વહોરા—રાધનપુર

"શ્રી જૈન ધર્મ પ્રકાશ" ના પોષ-મહાના સંયુક્ત અંકમાં આ સંબંધમાં શ્રી અગરચંદજી નાહટાનો લેખ પ્રગટ થયો છે તેના સ્પષ્ટીકરણરૂપે ભાઈશ્રી રાજપાલનો આ લેખ પ્રસિદ્ધિ અર્થે મળેલ છે તે અહીં પ્રસિદ્ધ કરીએ છીએ.

કોઈપણ ધર્મ સંપ્રદાયમાં અવારનવાર મહાપુરુષો થયા જ કરે છે. આપણે ત્યાં ભગવાન મહાવીરસ્વામી પછીની પરંપરા તપાસીશું તો ભદ્રબાહુ જેવા ચૌદ પૂર્વધર, સ્થૂલભદ્ર જેવા અજોડ બ્રહ્મચારી, વજ્રસ્વામી જેવા દશપૂર્વી, સિદ્ધસેન જેવા પ્રખર નૈયાયિક અને વાદી, હરિભદ્ર જેવા સત્યશોધક, હેમચન્દ્ર જેવા કલિકાલસર્વજ્ઞ, ઉપા. યશોવિજયજી જેવા સર્વશાસ્ત્રપારંગત, સત્યવિજયજી જેવા ક્રિયાવિશુદ્ધિ કરાવનાર તથા આનંદઘનજી જેવા મહા-અધ્યાત્મયોગી થયા છે અને સમાજ, ધર્મ તથા ધર્મના મૂળ અને ઉતર તત્ત્વો ઉપર કાળના પ્રવાહને લીધે, જે કાંઇ ધૂળ-કચરો-કાટ ઇત્યાદિ ચડયા હોય તેનો પરિહાર કરાવી, જનહૃદયને ધર્મનું નવનીત આપ્યું છે. આ જ્યોતિર્ધરો ન થયા હોત તો સમાજ અને ધર્મમાં ન ઉલેચી શકાય તેવો ગાઢ અંધકાર વ્યાપ્યો હોત.

જૈન સમાજના છેલ્લાં અધ્યાત્મયોગી તરીકે આનંદઘનજી મહારાજને ગણત્રામાં ઔચિત્ય ભંગ નહી થાય તેમ માનું છું. તેમનું વિશુદ્ધ અધ્યાત્મજ્ઞાન અને જીવનમાં પરિણમેલ યોગતત્ત્વ, તેમનાં સ્તવનો અને પદોમાં ભારોભાર જોઇ શકાય છે. ઘણે ભાગે સમકાલીન જનતા મહાપુરુષોને તેના યથાર્થ સ્વરૂપમાં ઓળખી શકતી નથી એમ મનાય છે. આનંદઘનજી મહારાજ માટે પણ એવું જ બન્યું છે. પણ આખરે સાચી વસ્તુ બહાર આવ્યા વિના રહેતી નથી જ. યોગિરાજનો ક્ષર દેહ આજે નથી પણ તેમનો અક્ષરદેહ જે આપણી સામે છે તે ઘણું ઘણું કહે છે. અને તેથી જ તેમના દેહવિલય પછી એ મહાપુરુષ માટે આપણા સમાજમાં જિજ્ઞાસા અને આદર મોટા પ્રમાણમાં જોઇ શકાય છે.

તેઓશ્રીના પદો-જે બહોંતેરીના નામે પ્રસિદ્ધ છે, વાસ્તવિક સોએક જેટલા થાય તેમાં કેટલોક ફેરફાર થયો સંભવે છે પણ સ્તવન ચોવીશી માટે તેમ નથી. છેલ્લા બે તીર્થંકરના સ્તવનો બાદ કરતા બાકીના ૨૨ જિનનાં સ્તવનોને તેમની કૃતિ તરીકે શ્રી જ્ઞાનસારજી મહારાજ કબૂલ રાખે છે.

ચોવીશી ઉપરનો શ્રી જ્ઞાનસારજી મહારાજનો ટબો શ્રેષ્ઠ ગણી શકાય તેવો છે. છેલ્લા ૩૦-૪૦ વર્ષમાં તેમનાં પદો ને સ્તવનો ઉપર વિદ્વાનોએ સારા પ્રમાણમાં લખ્યું છે, છતાં એક વસ્તુ વિચારણીય છે કે લંબાણ વિવેચનોથી પણ ભારે અર્થગર્ભિત એવા મૂળપદોનો યથાર્થ ભાવ ખરેખર અભિવ્યક્ત થાય કે કેમ એ શંકાસ્પદ છે. કારણ આનંદઘનજી મહારાજના પદો માત્ર વિદ્વત્તાથી ઉકેલી શકાય તેવા નથી. એ દશાનો અનુભવ ન હોય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેમના પદો પર લખવા બેસે તો શબ્દોનાં ઉપરછલ્લા ભાવ જ પકડી શકાય, અંતર ભાવ નહિ. આથી જ લાંબા સમય સુધી સ્તવનોને આત્મસાત કરી જ્ઞાનસારજીએ જે ટબો રચ્યો છે તે ઇષ્ટ અને મિષ્ટ લાગે છે.

તેમનાં જીવન અને કવન વિષે તત્કાલીન કે ત્યારપછીના કોઇએ ખાસ નોંધ્યું જણાતું નથી. જે સંભળાય છે તે કર્ણોપકર્ણે સંભળાતી દંતકથાઓ, આથી તેમના વિષેની જિજ્ઞાસા વધુ પ્રબળ બને છે.

પોષ–માહના શ્રી જૈન ધર્મ પ્રકાશ માસિકનાં સંયુક્ત અંકમાં શ્રીમાન અગરચંદજી. નાહટાનો એક હિન્દી લેખ " **जैन योगी आनंदघनजी के दो महत्त्वपूर्ण उल्लेख** " શિર્ષકનો પ્રસિદ્ધ થયેલ છે. પ્રસ્તુત લેખમાં મહાશયે આનંદઘનજી મહારાજને ખરતરગચ્છીય સાબત કરવા માટે પ્રયત્ન કર્યો છે

આનંદઘનજી મહારાજ ગચ્છમતથી એટલા ભિન્ન હતા–હશે, કે જેથી આજસુધી કોઇને, તેમનો ગચ્છ કયો તે વિચારવાનું પ્રાયઃ સૂઝયું નથી. યોગીઓના પણ સંકીર્ણ વાડા ? તેમાં પણ જેમના માટે કશો પણ વિશ્વસનીય ઉલ્લેખ મળતો નથી એટલું જ નહીં, જેમણે ગચ્છના આગ્રહવાળાઓને સારી પેઠે ઝૂડ્યા છે તેમને કોઇ એક ગચ્છમાં ખેંચવાનો પ્રયાસ કેવો લાગે છે ? એ નિર્ણય વાચકો ઉપર છોડું છું.

તેઓશ્રીની આટલી બાબતો માટે બધા જ સહમત છે. તેઓ મહાન્ અધ્યાત્મયોગી હતા, માન–અપમાનાદિમાં સમાનવૃત્તિવાળા હતા. જૈન કે જૈનેતર તેમના પદોમાંથી આધ્યાત્મિકતાનું પાન કરી શકે તેટલી સામગ્રી તેમાં છે. આવા યોગીને સ્વગચ્છના ગણાવવા નીકળવું તે યોગ્ય નથી. કદાચ દુઃસાહસ પણ ગણાય.

નાહટાજી જે ઉલ્લેખ ઉપર આનંદઘનજીને ખરતરગચ્છના ગણાવવા ચાહે છે તે ઉલ્લેખ આ પ્રમાણે છે. " પં. સુગણચંદ અષ્ટસહસ્રી લાભાણંદ આગઇ ભણઇ છઇ, અધ્વ રહ ટાણઇ ભણી. ઘણું ખુશી હુઇ ભણાવઇ છઇ. "

મેડતાથી લખાયેલ આ પત્ર એમ સૂચવે છે કે–પં. સુગણચંદ ( ખરતરગચ્છી સાધુ ) લાભાણંદ પાસે ભણે છે અને તેઓ ખુશીથી ભણાવે છે. સ્હેજ વિસ્તારથી હવે આ વાતને આપણે વિચારીએ.

આનંદઘનજીનું અપરનામ લાભાનંદ હતું એવી માન્યતા છે. તેમના એક પદમાં આ વાતને ટેકો આપે તેવો સામાન્ય ઉલ્લેખ મળે છે. મેડતાવાળા ઉપરોકત પત્રમાં લાભાનંદના નામ–સાદૃશ્યને લીધે શ્રી નાહટાજી તેમને ખરતરગચ્છના ગણવા–ગણાવવા લલચાયા છે. ગચ્છાદિ માટે આપણે કાંઈ પણ કહીએ તે કરતાં શ્રીમદ્ આનંદઘનજીની અનુભવ–વાણી સાદર કરવી વધુ ઉચિત લેખાશે.

બારમા તીર્થપતિ વાસુપૂજ્ય સ્વામીના સ્તવનમાં તેઓ વ્યથિત હૃદયે ગાય છેઃ

ગચ્છનાં ભેદ બહુ નયન નીહાળતા તત્ત્વની વાત કરતા ન લાજે.
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં મોહ નડીયા કલિકાળ રાજે
ધાર તલવારની સોહલી, દોહલી ચૌદમા જિનતણી ચરણસેવા.

અત્ર તેઓ ગચ્છની ખેંચતાણ કરનારને ઉઘાડા પાડતાં કહે છે કે–આવાઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વની વાતો કરતાં શરમ નથી આવતી ? આ બધા ઉદરપૂર્તિ-પેટ ભરવાના ધંધા છે. અને બધાને કલિકાલનો મોહ જ નડયો છે.

છેલ્લે એક વાત કહી આ લઘુલેખ સમાપ્ત કરીશ. શ્રી નાહટાજીએ રજૂ કરેલ ઉલ્લેખ મુજબ ખરેખર તેઓએ ખરતરગચ્છના સાધુને અષ્ટસહસ્રી ભણાવેલ હોય તે શક્ય હોઇ શકે છે. પણ તેથી ભણાવનાર એ જ ગચ્છના છે એમ કેમ મનાવાય ? પોતાના જ ગચ્છમાં પઠનપાઠન થાય એવો સિદ્ધાંત જાણ્યો નથી. મહાન વિદ્વાન્ ઉપા. યશોવિજયજી મ. તથા પૂ. વિનયવિજયજી મહારાજ જેવા બ્રાહ્મણ પંડિતો પાસે ભણ્યા છે. આજે પણ બ્રાહ્મણ પંડિતો પાસે વ્યાકરણાદિ જ્ઞાન લેવાય છે. એટલા માત્રથી ભણાવનાર પંડિતને જૈન કહેવાય ખરા કે ? પ્રાયઃ ખરતરગચ્છના એક વિદ્વાન્ અને આત્મજ્ઞ મુનિ પાસે તપગચ્છના કેટલાક જાણીતા સાધુઓ ભણ્યાનો ઉલ્લેખ આવે છે તે ઉપરથી તપગચ્છવાળા સિદ્ધ કરે કે તેમને ભણાવનાર તપગચ્છી હતા તો એ કેવું બેહુદું લાગે ? એથી સાર પણ શું નીકળે ?

આનંદઘનજી મહારાજ સર્વનાં હતા અને છે. તેમના સ્તવનો અને પદોમાંથી લેવાય તેટલું લેવા જેવું છે. તેમના જીવન પર પ્રકાશ પથરાય તેવો પ્રાચીન ઉલ્લેખ મળે અને આપણી જિજ્ઞાસા સંતોષાય એ પણ ઇચ્છનીય છે. પણ તેઓ અમુક ગચ્છના હતા એમ સિદ્ધ કરવા નીકળવું-તે પણ તેઓશ્રીના ગચ્છ-મોહવાળાઓ માટેના ભારે શબ્દ-પ્રહારો જોવા છતાં, એ ખરે જ અયોગ્ય કાર્ય છે. એથી વિરામ લેવો યોગ્ય છે. અસ્તુ ।

## વણિકની ચોરાશી જાતિઓ

( ભાઇ ગિરધર હેમચંદના વાગોળના પાડાના પ્રાચીન પાના પરથી ઉતારીને પાટણ-નિવાસી ભોજક મોહનલાલ ગિરધરે આ યાદી મોકલેલ છે. )

૧ શ્રીમાલિ વણિક જાતિ, ૨ ઓસવાલની જાતિ, ૩ પોરવાડ, ૪ વઘરેવાલ, ૫ ડોંકુ-વાલ, ૬ મેડતવાલ, ૭ હરસોલા, ૮ સુરાણા, ૯ પલ્લીવાલ, ૧૦ ભંભુજાતિ, ૧૧ ખડાયતા, ૧૨ પૌરૂઆ, ૧૩ ખંડેરવાલ, ૧૪ ડીસાવાલ, ૧૫ ગુજરવાંણીક, ૧૬ સુહડવાલ, ૧૭ અગ્ર-વાલ, ૧૮ જાયવાલ, ૧૯ નાણાવાલ, ૨૦ કરેડીઆ, ૨૧ ચિત્રાવાલ, ૨૨ કોરંટવાલ, ૨૩ સોનાવાલ, ૨૪ સોજતવાલ, ૨૫ નાગરન્યાત, ૨૬ મોઢની જાત, ૨૭ જાલહરા, ૨૮ કપોલ, ૨૯ ખેડાયતા, ૩૦ વાયડા, ૩૧ દાસઉરા, ૩૨ વંચાવણિક, ૩૩ નાદ્રહા, ૩૪ કરહીઆ, ૩૫ ભદેરા, ૩૬ મેવાડા, ૩૭ નરસિંઘપુરા, ૩૮ વાઘેરા, ૩૯ પંચમ, ૪૦ હાલર, ૪૧ શ્રીખંડોર, ૪૨ વાયસ, ૪૩ રરતકી, ૪૪ કુબોજા, ૪૫ જિણુડા, ૪૬ સોગિડા, ૪૭ અગ્નિહત્તા, ૪૮ છોભા, ૪૯ શ્રીગુરૂ, ૫૦ અથિતવાલ, ૫૧ કાયજા, ૫૨ વાલ્મીક, ૫૩ તિસોરા, ૫૪ તિલહુડા, ૫૫ અષ્ટવર્ગી, ૫૬ લુહડીશાખા, ૫૭ ગાજણા, ૫૮ વધણુઉરા, ૫૯ વિધુનાતી, ૬૦ હુંબડ જાતિ, ( બહુડ વાંકા તે હુંબડ ) ૬૧ હુંબડવાંકા, ૬૨ નીમા, ૬૩ પદ્માવતીયા, ૬૪ ધાવડા, ૬૫ સીહરીયા, ૬૬ બોરબોલ, ૬૭ જેહરીયા, ૬૮ માથઉરા, ૬૯ ગોલાવાલ, ૭૦ ચીત્રોડા, ૭૧ મહુડીયા, ૭૨ કાકલીયા, ૭૩ ભાંડીયા, ૭૪ ઝુગડા ૭૫ અણુદુરા, ૭૬ નાગરા વણિક, ૭૭ સાચઓરા, ૭૮ મડાહડા, ૭૯ બ્રાહ્મણા, ૮૦ વાગુડ, ૮૧ મંડોરા, ૮૨ કરહીયા, ૮૩ સોરઠીયા, ૮૪ નિફાલી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રતિક્રમણ સૂત્ર–પ્રબોધ ટીકા

# અવલોકન

**श्रीप्रतिक्रमण सूत्र-प्रबोध टीका**—ભાગ પહેલો. લેખક–શ્રી ધીરજલાલ ટોકરશી શાહ. પ્રયોજક–શ્રી અમૃતલાલ કાલિદાસ દોશી. પ્રકાશક–શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ વિલેપારલે. મુંબઇ, મૂલ્ય રૂપિયા પાંચ.

પ્રતિક્રમણ સૂત્રનું વિવરણ કરતો આ ગ્રંથ ત્રણ ભાગમાં વહેંચાયેલો છે. આ ભાગમાં પ્રતિક્રમણ સૂત્રના ૧ થી ૨૪ સૂત્રોનો ( નવકાર સૂત્રથી વૈયાવચ્ચગરાણું સુધીનો ) સમાવેશ કરવામાં આવ્યો છે. અને છેવટના ભાગોમાં સામાયિક લેવા પારવાની વિધિ, મુહપત્તિ પડિલેહણનો વિધિ, ચૈત્યવંદનનો વિધિ વિગેરે વિગેરે બતાવી તેની સમજણ પાડવામાં આવેલ છે. દરેક સૂત્રના મૂલપાઠ, સંસ્કૃત છાયા, ગુજરાતી છાયા, સામાન્ય અને વિશેષ અર્થ, અર્થનિર્ણય, અર્થસંકલના, સૂત્રપરિચય અને સૂત્રના આધારસ્થાન બતાવવામાં આવ્યા છે, માટે આ ટીકાને અષ્ટાંગ વિવરણ કહેવામાં આવેલ છે. દરેક પ્રકારનું લખાણ સુંદર સંસ્કૃત ગુજરાતી શબ્દોમાં કરવામાં આવેલ છે. છાપકામ પણ ઘણી કાળજીથી સારા પ્રેસમાં થયેલ છે. જૈન સમાજમાં દર વર્ષે સેંકડો નાના મોટાં પુસ્તકો છપાય છે અને બહાર પડે છે, પણ આટલો લાંબો શ્રમ લઇ, દરેક જાતની સામગ્રી મેળવી, વિદ્વાન મુનિમહારાજો પાસે સંશોધન કરાવી બહાર પડતો ગ્રંથ ભાગ્યેજ એકાદ બે વર્ષે બહાર પડતો જોવામાં આવે છે. તે માટે લેખક અને પ્રયોજકને ધન્યવાદ ઘટે છે. પુસ્તકની કિંમત પહેલા ભાગની રૂપિયા પાંચ રાખવામાં આવે છે. મહેનત અને હાલનો છપામણી વિગેરેનો ખર્ચ જોતાં કિંમત વધારે નથી, બલ્કે ઓછી છે પણ જેમ બીજા ખ્રીસ્તિ વિગેરે ધર્મવાળા ધર્મના પ્રચાર માટે તેમના ધર્મના આધારભૂત બાઇબલ જેવા ગ્રંથો વિના મૂલ્યે અથવા નજીવા મૂલ્યે વેચે છે તેમ આપણાં ગૃહસ્થોએ પણ પૂરતી નાણાની મદદ કરી ધર્મની એક લ્હાણી તરીકે આવા પુસ્તકો આપવાની ભાવના રાખી ઉદાર હાથે વેચવાની વ્યવસ્થા કરવી જોઇએ. જેથી સામાન્ય અને ગરીબ સ્થિતિના માણસના હાથમાં પણ આવું નિત્ય ઉપયોગી પુસ્તક આવી શકે. બીજી આવૃત્તિ છપાવતી વખતે અમારી સૂચના ધ્યાનમાં રાખવામાં આવશે એવી આશા છે.

દરેક સૂત્રના અર્થવિવરણમાં, અર્થનિર્ણયમાં જે પરિશ્રમ લઇ સૂત્રનું રહસ્ય સમજાવવા સરલ ભાષામાં પ્રયાસ કરવામાં આવ્યો છે, તેનું વિવેચન કરવા કરતાં પુસ્તકને સાદ્યંત મનનપૂર્વક વાંચવા ભલામણ છે.

પુસ્તકની શરૂઆતમાં વિદ્વાન્ મહારાજ પં. શ્રી ભદ્રંકરવિજયજી તથા પં. શ્રી ધુરંધરવિજયજીએ લખેલ ઉપોદ્ઘાત લગભગ ૯૬ પાનામાં આપવામાં આવ્યો છે. બંને વિદ્વાન મુનિમહારાજાઓ છે, ઉપરોક્ત વિષયમાં નિષ્ણાત છે, અને જૈન ધર્મ પ્રત્યે અત્યન્ત શ્રદ્ધા અને ભક્તિભાવવાળા છે. આ ઉપોદ્ઘાત ફક્ત વાંચવા માટે નથી, પણ મનન અને નિદિધ્યાસન કરવા જેવો છે. જૈન ધર્મની સામાયિક અને પ્રતિક્રમણ જેવી પ્રાણભૂત ક્રિયાઓનું રહસ્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્ર અનુસાર સચોટ ભાષામાં સમજાવવામાં આવેલ છે. આ ક્રિયાઓનો સતત અભ્યાસ અને પાલન કરવાથી ધાર્મિક જીવન-વ્યવહાર કેવો શુદ્ધ બને છે, અને આત્મિક વિકાસ કેટલો સહેલો થાય છે તે બતાવવામાં આવ્યું છે. હાલના દેશ અને સમયના રંગઢંગથી ધર્મ પ્રત્યે જે અભાવ અને ઉદાસીનતા પ્રજામાં આવતા જાય છે, યુવાન વર્ગ આવી ક્રિયાઓ તરફ તિરસ્કાર બતાવે છે અને નકામો કાળક્ષેપ માની દૂર રહે છે, ક્રિયા કરનારા પણ પોપટની માફક આત્માના ઉપયોગ વિના મોઢેથી બોલી જાય છે અથવા સાંભળી જાય છે અને પોતે પ્રતિક્રમણ કર્યું એવો આત્મસંતોષ અનુભવે છે, તેવા બધા સમાજના માણસોએ આ ઉપોદ્‌ઘાત વાંચી તેનું રહસ્ય સમજવાનું છે. અને આવી ક્રિયામાં રસ લેતા થઈ, આત્મવિકાસ અને જીવનશુદ્ધિ માટે તેનો ઉપયોગ કરવાનો છે.

પ્રતિક્રમણ અને સામાયિકના સૂત્રો, મંત્રરૂપના છે. તીર્થંકરો અને ગણધરો તથા સ્થવિરોના વચનો છે. મંત્રોના શબ્દોચ્ચારણથી, શબ્દો સાંભળવાથી અમુક શક્તિ આવે છે, રોગો જાય છે અને કાયા અને મનની શુદ્ધિ થાય છે. હાલના વિજ્ઞાનના પ્રયોગે સાબિત કરેલ છે કે શબ્દ-sound માં રેડીયેશન (Radiation) ઉત્પન્ન કરવાની શકિત છે. ગાયત્રી મંત્રના ઉચ્ચારણમાં આ પ્રયોગ કર્યો છે. જેમ જેમ મંત્રનું વધારે ઉચ્ચારણ કરવામાં આવે છે, તેમ તેમ શક્તિ વધતી જાય છે; એવું ભૌતિક પ્રયોગથી સિદ્ધ કરેલ છે, માટે સામાયિક કે પ્રતિક્રમણ સૂત્રો ફક્ત સાંભળવાથી આત્મશુદ્ધિમાં ઘણો લાભ થાય છે. આવા સૂત્રોનું ઉચ્ચારણ શાંતિથી, કાના માત્રની ભૂલ સિવાય, સંગીત ગાવાનું હોય તેવા તાલ અને સૂરથી થવું જોઈએ જેથી તેનું ઇચ્છિત ફલ મળી શકે.

આપણા સામુદાયિક પ્રતિક્રમણ વખતે અગત્યના સૂત્રો બોલવાનો આદેશ, ઉછામણી કરી વધારે ઘી બોલનારને આપવામાં આવે છે. બોલનારની ભાષાશુદ્ધિ કે મનોવૃત્તિ તરફ કાંઈ લક્ષ્ય અપાતું નથી. આ પ્રથા વિચારવા જેવી છે. આવી રીતે ગમે તે માણસ શબ્દ કે અર્થ સમજ્યા વિના અશુદ્ધ ઉપયોગ રહિત બોલે, તેથી સૂત્રોના મંત્રોચ્ચારણની કાંઈ અસર થતી નથી અને આત્મશુદ્ધિ માટે પ્રતિક્રમણ કરવાનો હેતુ બરબાદ જાય છે. આવા વિધિ-વિધાનના કામમાં પૈસાને પ્રાધાન્ય ન આપવું જોઈએ પણ બોલનારના જ્ઞાન અને સદ્‌વર્તન તરફ લક્ષ આપવું જોઈએ.

છેવટે આપણા જૈન ભાઈઓને આ પુસ્તક સંભાળથી વાંચવાની અને તેનું સતત ચિંતવન અને અભ્યાસ કરવાની ભલામણ કરી અમે લેખક, પ્રકાશક અને સંશોધકોને અભિનંદન આપીએ છીએ.

* * *

## કર્મયોગ. ( અવલોકન )

' **कर्मयोग** ' રચયિતા શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ ' પ્રકાશક ' શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ-મુંબઈ આવૃત્તિ બીજી. કિં. રૂ. ૧૨-૮-૦.

આ ગ્રંથનો પ્રથમ આવૃત્તિનો લેખન તથા પ્રકાશનનો સમય સં. ૧૯૭૦-૭૧ નો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બીજી આવૃત્તિ ૨૦૦૬-૨૦૦૭ માં છપાયેલ છે, એટલે બંને આવૃત્તિઓ વચ્ચે લગભગ ૩૪ થી ૩૬ વર્ષનો ગાળો છે. મૂળ વિષય ચર્ચાત્મક જીવનદૃષ્ટિને સ્પર્શતો હોઇ તેના ઉપર સમય અને સંયોગોની છાપ પડેલ છે.

ત્યાર પછી સમય અને સંયોગોમાં આખા જગતમાં મહાપરિવર્તન થયું છે. બે બે મોટી લડાઇઓ જગતમાં લડાઇ છે. ત્રીજા મહાયુદ્ધની તૈયારીઓ ચાલે છે. સાયન્સે મહાપ્રગતિ કરેલ છે. યંત્રવાદનો જમાનો ચાલે છે. આવા મહાપરિવર્તન થયેલ સમયમાં પણ આ ગ્રંથની ઉપયોગિતા ઓછી થઇ જણાતી નથી. સમયનો ફેરફાર ધ્યાનમાં લઇ આ ગ્રંથ વાંચવો વિચારવો જોઇએ, અને તેમાં દર્શાવેલ ઉદ્ગારો અને મંતવ્યોને વિચારવા જોઇએ. આ હકીકત તો એક સૂચનારૂપે દર્શાવવામાં આવે છે.

આ બીજી આવૃત્તિમાં પ્રકાશકોએ પૂર્વકથનમાં બે બોલ કહ્યા છે, અને ગ્રંથમાં જે જે મહાનુભાવોએ મદદ કરી છે તેમનો ઉપકાર માનેલ છે.

ત્યાર પછી શ્રીમદ્ આચાર્ય મહારાજશ્રીએ ૧૦૮ અમર ગ્રંથો લખ્યા તેની યાદી આપેલ છે. પુસ્તક છપાવવામાં આર્થિક મદદ કરનાર શેઠ નેમચંદભાઇ શ્રોફ અને શેઠ ચીમનલાલ ડાહ્યાભાઇનો ટૂંકો પરિચય કરાવ્યો છે અને ફોટા આપ્યા છે, ત્યાર પછી જૈન ધર્મના પ્રખર અભ્યાસી અને સિદ્ધાંતોના પ્રખર ચિંતક શ્રી ફત્તેચંદભાઇ ઝવેરચંદના હાથથી લખાયેલ વિદ્વત્તા ભરેલો આમુખ સવિસ્તર આપવામાં આવ્યો છે. આખો આમુખ વાંચવા વિચારવા જેવો છે. પછી વિદ્વાન્ સાક્ષરવર્ય શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી અને સાહિત્યપ્રેમી બબલચંદ કેશવલાલ મોદીના આ ગ્રંથને અંગે લખાયેલ બોલ આપવામાં આવેલ છે. મહારાજશ્રીએ ૪૦ વર્ષ ઉપર જે પદ લખેલ અને જે ભવિષ્યમાં થનાર વિજ્ઞાનમાં પ્રગતિ, સમાજ અને દેશના રાજકારણ માટે જે ભવિષ્યવાણી કહેલ, તે પદ મૂકેલ છે. ત્યારબાદ શ્રી પાદરાકરે પ્રથમાવૃત્તિમાં જે નિવેદન લખેલ તે આપવામાં આવ્યું છે. અને પછી મહારાજશ્રીએ સ્વહસ્તે લખેલ પ્રસ્તાવના આપવામાં આવી છે પ્રસ્તાવનામાં કર્મયોગની ઉપયોગિતા, જૈન દર્શનમાં કર્મયોગનું સ્થાન, દેશકાળ પ્રમાણે કર્મયોગીઓની જરૂરીયાત, નિષ્ક્રિય નિવૃત્તિ સામેનો વિરોધ વિગેરે સચોટ ભાષામાં આપેલ છે. અને પછી આખો ગ્રંથ મૂળ શ્લોકો અને વિવેચનથી ભર્યો છે. આ ગ્રંથની સમાલોચના માટે સમય અને વિશેષ વાંચનની જરૂર છે. યથાયોગ્ય સમયે શરીરની પ્રકૃતિ સુધરતા વિસ્તૃત સમાલોચના કરવાની અમારી ભાવના છે. હાલ તુરત તો ફકત ગ્રંથની બાહ્ય રૂપરેખા દર્શાવવામાં આવેલ છે,

કિંમત રૂા. ૧૨-૮-૦ રાખેલ છે. પુસ્તકના કદના અને છપામણી, કાગળ, ફોટા વિગેરે જોતા કિંમત બહુ નથી બલ્કે ઓછી છે. પણ આવો ગ્રંથ મધ્યમ વર્ગના અને સામાન્ય તથા ગરીબ સ્થિતિના માણસોના હાથમાં આવે તેવી ઇચ્છા હોય તો સખી ગૃહસ્થ માણસોની વિશેષ મદદ લઇ કિંમત ઘટાડવાની જરૂર છે.

જીવરાજ ઓધવજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पुस्तकोनी पहोंच.

१. **जैन कथार्णवः**—(પ્રતાકાર) જૂદા જૂદા ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરીને વિવિધ વિષયોને લગતી ૮૧ કથાઓનો આ પ્રતમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. સંગ્રાહક. પૂજ્ય પં. શ્રી કૈલાસસાગરજી ગણિવર્ય છે. તેઓશ્રીનો આ પ્રયાસ સ્તુત્ય છે. વ્યાખ્યાનમાં ઉપયોગી ગ્રંથ છે. પ્રતાકાર એકવીશ ફારમનો આ ગ્રંથ શ્રી સાલડી જૈન સંઘ તરફથી ખપી જીવોને ભેટ તરીકે આપવામાં આવે છે.

२. **जैन सूक्तसंदोह**—(પ્રતાકાર) સત્યાશી જૂદા જૂદા ગ્રંથોમાંથી ચુંટી કાઢેલ, સંસ્કૃત સુભાષિત શ્લોકોનો આ પ્રતમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. જૂદા જૂદા ૧૪૮ વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. સંગ્રાહક પૂ. પં. શ્રી કૈલાસસાગરજી ગણિવરનો આ પ્રયાસ પ્રશંસનીય છે. વ્યાખ્યાનમાં કે પ્રાસંગિક પ્રવચનો પ્રસંગે આ સુભાષિતોનો સારો ઉપયોગ થઈ શકે તેમ છે. પ્રતાકાર ચૌદ ફારમનો આ ગ્રંથ ખપી જીવોને સંગ્રાહક તરફથી ભેટ તરીકે આપવામાં આવે છે.

३. **जैन सिद्धान्त पाठमाला**—(પ્રતાકાર) શ્રી દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયન સૂત્ર સંસ્કૃત છાયા સહિત આપવામાં આવ્યા છે. છાયા શતાવધાની મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીએ કરેલ છે. અધ્યયનાર્થે આ પુસ્તક ઉપયોગી છે. મુનિરાજશ્રી નાનચંદ્રજી સ્વામી તરફથી સભાને ભેટ મળેલ છે.

४. **सप्तभङ्गीप्रभापरनामसप्तभङ्गी-उपनिषद्**—(પ્રતાકાર) સ્વ. આચાર્ય મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજીએ રચેલ આ સપ્તભંગીનો ગ્રંથ તેમના વિદ્વાન્ શિષ્ય આચાર્ય શ્રી વિજયદર્શનસૂરિજીએ સંશોધનપૂર્વક બહાર પાડયો છે. સાત નય અને સપ્તભંગીના સ્વરૂપને સમજવા માટે આ પ્રત ઘણી ઉપયોગી છે. સંશોધક આચાર્ય મહારાજશ્રીનો આવા વિષયનો અભ્યાસ તલસ્પર્શી છે અને તેથી આવા કઠિન ગ્રંથનું સંપાદન કરી શકે છે. તેઓશ્રીનો આ પ્રયાસ સારો છે. ઊંચા લેઝર પેપર છપાયેલ તેર ફારમની આ પ્રતની કિંમત રૂા. ચાર. પ્રાપ્તિસ્થાન શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા—અમદાવાદ.

५. **परमहंस संबोध चरित्रम्**—(પ્રતાકાર) આ ગ્રંથ વાંચવામાં રસિક તેમજ બોધપ્રદ છે. સંપાદક તથા સંશોધક—વ્યા. તીર્થ. શ્રી અમૃતલાલ મોહનલાલ સંઘવી. તેઓશ્રીએ આ ગ્રંથને શુદ્ધ કરવામાં સારી કાળજી રાખી છે. મૂળ કર્તા નયરંગ ગણિ છે. આધ્યાત્મિક ગ્રંથ છે. જેવી રીતે શ્રી ઉપમિતિભવપ્રપંચા કથા છે તેવી જ રીતે આત્મિક આલેખન કરતી આ સંક્ષિપ્ત કથા છે. એકંદરે વાંચવા તથા અભ્યાસ કરવા યોગ્ય આ પ્રત છે. મૂલ્ય રૂા બે. પ્રાપ્તિસ્થાન જૈન સસ્તું સાહિત્ય ગ્રંથમાળા, હઠીભાઇની વાડીના દરવાજા ઉપર—અમદાવાદ.

૬. **શ્રાવક-આલોયણા**—સંશોધક પૂ. આચાર્યશ્રી ગુલાબચંદ્રજી મહારાજ, સંપાદક શાન્તમૂર્તિશ્રી રૂપચંદ્રજી મહારાજ. શ્રી ગુલાબ-વીર ગ્રંથમાળાનું આ અઠ્ઠાવીસમું રત્ન છે. શ્રાવકના બાર વ્રતો ઉપરાંત પાંચે આચારમાં લાગતાં દોષોનું બારીકાઇથી પૃથક્કરણ કર-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વામાં આવ્યું છે. "પાક્ષિક અતિચાર" જેવું જ આ આલેખન છે. આ ઉપરાંત શ્રાવકોપયોગી મિચ્છામિ દુક્કડં, પદ્માવતી આરાધના વિગેરેનો સંગ્રહ સારો છે. ગ્રંથમાં દીર્ઘ-ચારિત્રપર્યાયી શ્રી ગુલાબચંદ્રજી સ્વામીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર આપવામાં આવ્યું છે. પ્રેરક-મુનિશ્રી કેવલચંદ્રજીસ્વામીનો આ પ્રયાસ પ્રશંસનીય છે. ખપી જીવોને શેઠ કાંતિલાલ વ્રજલાલ, છાલીયાપૂરા-લીંબડી એ શિરનામે અઢી આનાનું પોસ્ટેજ મોકલવાથી ભેટ મળી શકશે.

૭. **શ્રી સીમંધર-શોભાતરંગ**—શ્રી ધર્મ મહોદય જૈન ગ્રંથમાળાનું આ ત્રીજું પુષ્પ છે. સંપાદક-મુનિરાજશ્રી અભયસાગરજી મહારાજ. પ્રાચીન પ્રત ઉપરથી આ રાસનું સુંદર શૈલીથી કથા-આકારે નિરૂપણ કરવામાં આવ્યું છે. સંપાદક મુનિશ્રીએ કડવા મતિ શ્રાવક તેજપાળે કરેલા આ રાસનું આધુનિક પદ્ધતિએ સંપાદન કરી, રાસ સાહિત્યમાં સારો ઉમેરો કર્યો છે. સંપાદકીય વક્તવ્યમાં આ રાસને અંગે સારો પ્રકાશ પાડવામાં આવ્યો છે, જાણીતા વિદ્વાન્ શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયાએ આ ગ્રંથમાં પોતાની સંશોધનપૂર્ણ ભાષામાં પરિચય આલેખ્યો છે. આ ગ્રંથમાં કામગજેન્દ્રની ચિત્તાકર્ષક વાર્તા વિષયવિકારની વિષમતા સારી રીતે દર્શાવે છે. આ ગ્રંથને અભ્યાસ યોગ્ય બનાવવા માટે સંપાદક મહાશયે પ્રાંતે દશ પરિશિષ્ટો આપ્યા છે. એકંદરે સંપાદકશ્રીનો પ્રયાસ સ્તુત્ય છે, ક્રાઉન સોળપેજી ૩૨૦ પૃષ્ઠના આ સચિત્ર ગ્રંથની કિંમત રૂપિયા બે **અમારે ત્યાંથી વેચાણ મળી શકશે.**

૮. **જૈન બાલગ્રંથાવલિ**—(શ્રેણી ત્રીજી) બાળકોપયોગી બે શ્રેણીની માફક આ ત્રીજી શ્રેણિ પણ લોકપ્રિય નીવડી છે. સોળ નાની-નાની ટેકટોની આ શ્રેણીનું મૂલ્ય રૂપિયા ત્રણ. પ્રકાશક શ્રી ગુર્જર-ગ્રંથ-રત્ન કાર્યાલય-અમદાવાદ. પાઠશાળા તેમજ બાળકોપયોગી લાઈબ્રેરી માટે આ શ્રેણિ ઉપયોગી છે, વસાવવા લાયક છે. **અમારે ત્યાંથી વેચાણ મળી શકશે.**

૯ **પૂર્વ ભારતની જૈન તીર્થભૂમિઓ**—(સચિત્ર) બેંતાલીશ જેટલા સ્થળોનો આ પુસ્તકમાં સારી રીતે પરિચય આપવામાં આવ્યો છે. યાત્રાથે નીકળનારને આ પુસ્તક સારું અંજવાળું અર્પે તેમ છે. લેખક (સ્વ.) શાંતમૂર્તિ શ્રી જયંતવિજયજી મહારાજની ઠરેલ કલમથી આલેખાયેલ આ ગ્રંથ કલ્યાણકભૂમિઓનું મહત્ત્વ અને દિગ્દર્શન સારી રીતે દર્શાવે છે. પ્રકાશક-શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, હેરીસરોડ, ભાવનગર. મૂલ્ય રૂપિયા બે

૧૦. **શ્રી સંબોધપ્રકરણનો ગુજરાતી અનુવાદ**—અનુવાદક પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય પં. શ્રી મેરુવિજયજી ગણિ દ્રવ્યસહાયક શ્રી લુણસાવાડા મોટી પોળ-અમદાવાદ તરફથી ખપી જીવોને ભેટ તરીકે આપવામાં આવે છે. સૂરિપુંગવ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજકૃત આ ગ્રંથનો અનુવાદ, વિદ્વાન પંન્યાસશ્રીએ સારી રીતે સમજી શકાય તેવી શૈલીમાં કર્યો છે. આ ગ્રંથ ઘણાખરા વિષયોમાં પ્રમાણભૂત મનાય છે, આવા ઉપયોગી ગ્રંથના અનુવાદના પ્રયાસ માટે પં. શ્રી મહારાજશ્રીને ધન્યવાદ ઘટે છે. ટીકા-ટિપ્પણીથી ગ્રંથના હાર્દને સમજાવવા પ્રયાસ સારો કર્યો છે.

૧૧. **આધ્યાત્મિક પ્રબંધાવલિ**—સંપાદક-મુનિશ્રી નાનચંદ્રજી. ત્રણ ખંડમાં વહેંચાયેલ આ પુસ્તકમાં આત્માને લગતા વિવિધ વિષયોનું સારું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. બીજા ખંડમાં કર્મ તથા આસ્રવ સંબંધી મીમાંસા કરવામાં આવી છે અને ત્રીજા ખંડમાં પંચ સંવાદો આપવામાં આવ્યા છે. એકંદરે સંપાદકશ્રીનો પ્રયાસ સારો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

**૧૨. આધ્યાત્મિક ભજન પદ પુષ્પમાળા**—સંગ્રાહક-મુનિશ્રી નાનચંદ્રજી. જૈન જૈનેતર આધ્યાત્મિક કૃતિ રચનારા પચીશેક જેટલી પ્રસિદ્ધ વ્યક્તિઓની કૃતિઓનો આમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. આઠસો ને પંચાવન જેટલા વિવિધ પદ્યોમાં વૈરાગ્ય અને અધ્યાત્મને પ્રગટાવે તેવો પદ્ય-સંગ્રહ છે. છસો પૃષ્ઠ અને પાકા બાઈંડીંગના આ ગ્રંથનું મૂલ્ય માત્ર રૂા. દોઢ. પ્રાપ્તિસ્થાન—અજરામર જૈન વિદ્યાશાળા-લીંબડી

**૧૩ શ્રી નવસ્મરણ**—(સચિત્ર) મૂળ સ્તોત્ર, ગુર્જર પદ્યાનુવાદ અને ભાવાર્થ સાથે આ ઉપયોગી પુસ્તકનું પ્રકાશન-આનંદ પ્રકાશન મંદિર, ભાવનગર તરફથી કરવામાં આવેલ છે. નવસ્મરણનો ભાવ સમજવા માટે આ પુસ્તક ઉપયોગી છે. અમોને ચિ. મનહરલાલના સ્મરણાર્થે ભાવસાર હરિચંદ ત્રિભોવનદાસ-ભાવનગરવાળા તરફથી ભેટ મળેલ છે. બસો પાનાના આ પુસ્તકની કિંમત રૂપિયા. બે.

**૧૪ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર**—સાનુવાદ-શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીશે અધ્યયનોનું સરલ ગુજરાતીમાં અવતરણ કરનાર મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીનો આ પ્રયાસ સારો છે. શ્રી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર-સાબરમતી( ગુજરાત )ના પ્રથમ પુષ્પ તરીકે આ પ્રગટ થયેલ છે. ખપી જીવોને નજીવી કિંમતે મળે છે. સભાને મુનિશ્રી નાનચંદ્રજી તરફથી ભેટ મળેલ છે.

**૧૫ धर्म और समाज**—લેખક પં. શ્રી સુખલાલજી સંઘવી હિંદી ભાષામાં ચોવીશ જેટલા વિવિધ વિષયો પર માહિતીપૂર્ણ અને ઊંડી ગવેષણાપૂર્વકની રજુઆત કરવામાં આવી છે. સંપાદક પં. દલસુખ માલવણીઆ. હેમચંદ્ર મોદી-પુષ્પમાલાનું આ છઠ્ઠું પુષ્પ છે. મૂલ્ય રૂપિયો દોઢ. પ્રાપ્તિસ્થાન.—હિંદી ગ્રંથ રત્નાકર કાર્યાલય, મુંબઈ. ૪.

**૧૬ श्री सप्तभङ्गीमीमांसा** તથા **श्री निक्षेपमीमांसाप्रकरण**—કર્તા પ્રાચીન અને નવ્ય ન્યાયના નિષ્ણાત પં. શ્રી શિવાનંદવિજયજી મહારાજ. કર્તા મુનિશ્રીનો પ્રયાસ સારો છે, તેઓ સપ્તભંગી, નય અને સ્યાદ્વાદના સારા અભ્યાસી છે. વિસ્તૃત અનુક્રમણિકા આપી ગ્રંથની ઉપયોગિતામાં વધારો કર્યો છે, પ્રકાશક-શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા-અમદાવાદ. મૂલ્ય રૂપિયા અઢી.

**૧૭ दयानन्दकुमततिमिरतरणि**—લેખક પૂ. આ.શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ. શ્રી લબ્ધિસૂરિજી જૈન ગ્રંથમાલાના આ ઓગણત્રીશમા પુષ્પમાં, સત્યાર્થ પ્રકાશના બારમા ઉલ્લાસમાં જૈન ધર્મના ખંડન અંગે દયાનંદ સરસ્વતીએ જે પ્રયાસ કર્યો છે તેનો આ પુસ્તકમાં યુક્તિપૂર્ણ સચોટ રદીયો આપવામાં આવ્યો છે. ૧૨૦ પાનાના આ પુસ્તકની કિંમત આઠ આના. પ્રાપ્તિસ્થાન શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા-છાણી.

**૧૮ સ્તવનાવલિ-ચોવીશી**—સાહિત્યરસિક મુનિરાજશ્રી વિનયવિજયજી મહારાજની કૃતિનો સંગ્રહ છે. મહારાજશ્રીનો પ્રયાસ સારો છે. ખપી જીવોને ભેટ તરીકે આપે છે. પ્રાપ્તિસ્થાન-બહેચરલાલ મણિલાલ ભોજક-વડનગર.

**૧૯ શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભા હીરક મહોત્સવાંક**—સંસ્થાના આ લઘુ છતાં માહિતીપૂર્ણ રિપોર્ટને છાપકામની દૃષ્ટિએ ઘણોજ આકર્ષક બનાવવામાં આવ્યો છે. સંસ્થાએ ક્રમશઃ કેવી રીતે પ્રગતિ કરી અને તેમાં કોણે કોણે ઉત્કર્ષનો ફાળો આપ્યો છે તેની વિગત સાથે ફોટાઓ આપી આ રિપોર્ટને સુંદર બનાવ્યો છે. મંત્રીઓનો ઉત્સાહ અભિનંદનીય અને સ્તુત્ય છે. અમો સભાનો ઉત્કર્ષ ઇચ્છીએ છીએ.

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઈ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only